ઉન્નતિ

# વિચાર

વર્ષ ૧૩ અંક ૧ જાન્યુઆરી – એપ્રિલ , ૨૦૦૮

**અનુક્રમ**

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- સામાજિક ભેદભાવ અને એચઆઈવી/એઈડ્સ 2

**આપણી વાત**

- આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી 10
- એચઆઈવી/એઈડ્સનું જોખમ અને સામાજિક વલણો 12

**સાંપ્રત પ્રવાહ** 16

**સંદર્ભ સાહિત્ય** 22

**અમારા વિશે** 26

**સંપાદક ટીમ**

દીપા સોનપાલ

હેમન્તકુમાર શાહ

બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## વિકાસનો વિચાર અને 'વિચાર'નો વિકાસ

'ઉન્નતિ' દ્વારા ૧૯૯૦ના દાયકામાં વિકાસના ક્ષેત્રે ગુજરાતમાં અને થોડા સમય પછી રાજસ્થાનમાં કાર્યારંભ થયો ત્યારે ધીમે ધીમે વિકાસલક્ષી બાબતો અંગે સ્થાનિક ભાષામાં સાહિત્યની અને વિચારોની આપ-લેની જરૂરિયાત અનુભવાઈ હતી. વિવિધ સાથીઓએ અને સંગઠનોએ પોતપોતાની રીતે પોતાના કાર્યક્ષેત્ર અંગે વિવિધ પ્રકારના સાહિત્યનું નિર્માણ અને સામયિકોનું પ્રકાશન કરવાનો શિરસ્તો અપનાવેલો છે. 'ઉન્નતિ'એ એ શિરસ્તામાં એક વધુનો ઉમેરો કરવાનું વિચાર્યું હતું તેથી 'વિચાર'નું પ્રકાશન શરૂ કર્યું એવું નથી. પરંતુ ખાસ કરીને વિકાસના કાર્યક્ષેત્રમાં ઊભા થતા મુદ્દાઓ વિશે સ્થાનિક ભાષામાં સાત્વિક અને તાત્ત્વિક ચર્ચા ઊભી કરવા માટેનો અને વિકાસના ક્ષેત્રે કામ કરતા કાર્યકરોને વ્યાપક દૃષ્ટિકોણ સાથે વિચારપ્રેરક ભાથું પૂરું પાડવાનો ઉપક્રમ રાખીને 'વિચાર'ની શરૂઆત કરવામાં આવી હતી.

'વિચાર'ને ૧૨ વર્ષ પૂરાં થયાં છે અને તેણે આ અંક સાથે ૧૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ખાસ કરીને ભારતમાં અને ગુજરાતમાં તથા રાજસ્થાનમાં સમયે સમયે સામાજિક અને આર્થિક વિકાસ સાથે સંબંધિત અને શાસન સાથે જેનો પનારો પડે છે તેવા પ્રશ્નો વિશે 'વિચાર'માં નિયમિતપણે ચર્ચા કરવામાં આવતી રહી છે. સામયિકના વિવિધ વિભાગોમાં શક્ય તેટલી સરળ સ્થાનિક ભાષામાં વિકાસલક્ષી બાબતો અંગે સાહિત્ય ઊભું થાય તે તેનો ઈરાદો હતો નહિ અને છે પણ નહિ. પરંતુ આ મુદ્દાઓ વિશે વ્યાપક અને માહિતીપ્રદ ચર્ચા ઊભી થાય તથા નીતિ વિષયક બાબતો અંગે નાગરિક સમાજનાં સંગઠનો જે હિમાયત કરે છે તેમાં તેની અસર ઊભી થાય તે હતો અને છે. આથી જ શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, શાસન વગેરે જેવા વિષયો સાથે સંબંધિત મુદ્દાઓને સ્પષ્ટ રીતે રજૂ કરવાનો ઉપક્રમ આ સામયિકમાં રાખવામાં આવ્યો છે. સહભાગિતા, પારદર્શિતા, સશક્તિકરણ, વિકેન્દ્રીકરણ, નાગરિકત્વ, ચિરંતન વિકાસ, માનવ વિકાસ, વિકાસનો વૈકલ્પિક દૃષ્ટિકોણ, માનવ અધિકારો વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સમાવેશી લોકતાંત્રિક શાસન ઊભું કરવા તરફની દિશા 'વિચાર'નો મુખ્ય વિષય રહ્યો છે. વિકાસ ક્ષેત્રે કામ કરતા કાર્યકરો, વિકાસલક્ષી સંગઠનોના નેતાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી વિભાગો અને સંગઠનો તથા વિદ્વદ્જનો પાસે 'વિચાર' જાય છે. આથી તેને બહોળો વાચક વર્ગ ઉપલબ્ધ થયો છે એમાં કોઈ શંકા નથી.

ક્યારેક ક્યારેક મૌખિક રીતે અને લેખિત રીતે 'વિચાર' અંગે અમને પ્રોત્સાહક અભિપ્રાયો મળતા રહ્યા છે. આ અભિપ્રાયોએ હંમેશાં અમારા ઉત્સાહમાં વધારો જ કર્યો છે. પરંતુ અમે ઈચ્છીએ છીએ કે 'વિચાર' વધુ ઉપયોગી અને પ્રતિભાવાત્મક બને. આપના સ્પષ્ટ અભિપ્રાય વિના એ સંભવ નથી. તેથી આ અંકમાં અમે એક અભિપ્રાય દર્શક પ્રશ્નાવલિ મૂકી છે. સૌ વાચકોને વિનંતી છે કે તેઓ આ પ્રશ્નાવલિ ભરવાનું અને અમને તે મોકલવાનું કષ્ટ ઉઠાવે. આપનો અભિપ્રાય અમને ખરેખર જ 'વિચાર'ને વધુ રસપ્રદ, માહિતીપ્રદ અને ઉપયોગી બનાવવામાં મદદરૂપ થશે એવી અમને શ્રદ્ધા છે.

# સામાજિક ભેદભાવ અને એચઆઈવી/એઈડ્સ

એચઆઈવી/એઈડ્સના સંદર્ભમાં સામાજિક ભેદભાવ ખૂબ જ મોટો પ્રશ્ન છે. સામાન્ય રીતે સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવો એચઆઈવી/એઈડ્સના પ્રસાર તથા સારવાર અને ઉપાયોના ક્ષેત્રે પણ દેખા દે છે. આ ભેદભાવો કેવા પ્રકારના છે અને તે કેવી રીતે મહિલાઓ માટે વંચિતતા ઊભી કરનારા છે અને લોકોનાં માનસિક વલણોને બદલીને કેવી રીતે તેમાં ફેરફાર આણી શકાય તેમ છે તેની ચર્ચા આ લેખમાં કરવામાં આવી છે. આ અંગેનો સંદર્ભ **ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી** દ્વારા પ્રકાશિત કરાયેલા **'એ સ્ટેપ ટુવર્ડ્ઝ મેઈનસ્ટ્રિમિંગ જેન્ડર એન્ડ એચઆઈવી'**માંથી લેવામાં આવ્યો છે. ઉપરાંત, **જીએપી–આઈએસઆરસીડીઈ**ના વહીવટી નિયમાક **ડો. રેડિયમ દલવાડી ભટ્ટાચાર્ય** દ્વારા તૈયાર કરવામાં આવેલા **'મેઈનસ્ટ્રિમિંગ એચઆઈવી/એઈડ્સ'** લેખનો પણ આ લખાણ તૈયાર કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના**

૧૯૮૧માં અમેરિકામાં લોસ એન્જલસ ખાતે એઈડ્સનો પ્રથમ કેસ નજરે પડ્યો. તે પછી ૧૯૮૩માં એચઆઈવી નામનો નવો વિષાણુ ઓળખી કાઢવામાં આવ્યો કે જે મનુષ્યના શરીરની રોગ-પ્રતિકારક શક્તિનો નાશ કરે છે. દુનિયાને આ રોગની પ્રથમ વાર જ આ રીતે જાણ થઈ હતી. મનુષ્યના જીવનનાં તમામ ક્ષેત્રોમાં સ્પર્શે તે પ્રકારની આ રોગ વિશેની અનેક દંતકથાઓ અને ગેરસમજો અત્યારે પણ પ્રવર્તે છે. ભારતમાં ૧૯૮૬માં પહેલી જ વાર એઈડ્સનો પ્રથમ કેસ ઓળખી કઢાયો. આ રોગ સાથે કલંક અને ભેદભાવ અને મનુષ્યના અસ્તિત્વનો જ ઈન્કાર વગેરે બાબતો સંકળાઈ ગયેલી છે. તેને પરિણામે આ મહાન આપત્તિ જેવા રોગનો પ્રતિકાર કેવી રીતે કરવો અને તેનો પ્રતિભાવ કેવી રીતે આપવો તે વિશેની જરૂરિયાત સમજાઈ અને તેમાં અંતરખોજની શરૂઆત થઈ.

છેલ્લા અઢી દાયકાના ગાળા દરમ્યાન એઈડ્સનો રોગચાળો ખૂબ જ નાટ્યાત્મક રીતે વધ્યો છે. હૃદયરોગ, હૃદયરોગનો હુમલો અને શ્વાસોશ્વાસ સાથે સંબંધિત રોગો પછી એઈડ્સ હવે સૌથી મોટા મારક રોગોમાં ચોથા ક્રમે આવે છે. ચેપી રોગોમાં ટીબી અને મેલેરિયા કરતાં પણ વધારે જાનહાનિ એચઆઈવીને લીધે થાય છે. દુનિયાભરમાં આશરે ૬ કરોડ લોકો એચઆઈવીનો ચેપ ધરાવે છે એમ કહેવાય છે. દુનિયામાં કેટલાક એવા દેશો છે કે આ ગંભીર રોગચાળાનો તેઓ યોગ્ય રીતે સામનો કરી શકતા નથી કારણ કે તે અંગેનો પ્રતિભાવ આપવા માટે તેઓ યોગ્ય રીતે સક્ષમ નથી. ભારતમાં દુનિયાભરમાં બીજા ક્રમે સૌથી વધારે એચઆઈવી પોઝિટિવ કેસ છે. તેમની સંખ્યા આશરે ૪૫.૮૦ લાખ જેટલી છે. આંધ્ર પ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મણિપુર, નાગાલેન્ડ અને તામિલનાડુ એમ ૬ રાજ્યોમાં એચઆઈવી/એઈડ્સના ૮૦ ટકા કિસ્સા નજરે પડે છે. મહદંશે ભારતમાં આ રોગ મોટે ભાગે જાતીય સંપર્કને લીધે થતો નજરે પડે છે.

**સામાજિક ભેદભાવ**

જ્યારે એચઆઈવીનો રોગચાળો ફેલાયો ત્યારે આરંભમાં તે મોટે ભાગે સજાતીય સંબંધો ધરાવતા પુરુષોમાં હતો અને લોહીમાં સીધી રીતે ચેપ લાગવાથી તે ફેલાતો હતો. જો કે, અત્યારે આ તરાહ બદલાઈ ગઈ છે અને સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધો તરફ આપણે ધ્યાન આપવું પડે તેવા પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે. મહિલાઓમાં આ ચેપ લાગવાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. અત્યારે સામાન્ય રીતે એમ સ્વીકારવામાં આવે છે કે સામાજિક ભેદભાવ અને જાતીયતા વગેરે બાબતો એચઆઈવીનો ચેપ લાગવાની બાબત સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. આજે દુનિયાભરમાં એચઆઈવી/એઈડ્સને પરિણામે વધારે મહિલાઓ અને ખાસ કરીને યુવાન મહિલાઓ મૃત્યુ પામી રહી છે. કોમનવેલ્થના અનેક અભ્યાસો એમ જણાવે છે કે થોડા સમય અગાઉ મહિલાઓને આ રોગ મોટા પ્રમાણમાં થતો નહોતો પરંતુ હવે મહિલાઓ આ રોગના ક્ષેત્રે કેન્દ્રબિંદુ બની ગઈ છે.

આ સંદર્ભમાં જે નવા જ પ્રકારની સમસ્યાઓ ઊભી થઈ છે તેને ધ્યાનમાં લઈને સામાજિક ભેદભાવ કેવી રીતે આ રોગના ફેલાવામાં તથા અસરગ્રસ્તોને માટે મુસીબતો ઊભી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે તે બાબત ધ્યાનમાં લેવાની જરૂરિયાત ઊભી થઈ છે. દુનિયાભરમાં એચઆઈવી/એઈડ્સથી અસરગ્રસ્ત મહિલાઓનું પ્રમાણ ૫૦ ટકા જેટલું છે અને તે ૬ વર્ષ અગાઉ હતું તેમાં ૪૧ ટકાનો વધારો દર્શાવે છે. યુવાન સ્ત્રીઓ અને છોકરીઓને જો આ રોગ લાગુ પડે તો તેઓની સામાજિક બાદબાકી થઈ જાય છે અને તેમના પ્રત્યે ભેદભાવપૂર્ણ વ્યવહાર કરવામાં આવતો હોય છે. તેને પરિણામે તેમની જિંદગીમાં તેમને ભારે આઘાતનો સામનો કરવો પડતો હોય છે. રોગની સારવાર તો ઠીક પરંતુ રોગ વિશેની માહિતી પ્રાપ્ત કરવામાં પણ આ સમાજિક ભેદભાવ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

વિવિધ અભ્યાસો એમ દર્શાવે છે કે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે જે સામાજિક અસમાનતા પ્રવર્તે છે તથા ઘરેલૂ હિંસાનું જે વાતાવરણ પ્રવર્તે છે તેને પરિણામે પણ સ્ત્રીઓ આ રોગનો વધારે ભોગ બને છે. આ દૃષ્ટિએ જોઈએ તો એચઆઈવી/એઈડ્સ વિકાસ, સલામતી અને માનવ અધિકારોનો પણ મુદ્દો બની રહે છે.

સામાજિક ભેદભાવ ઉપર આધારિત ધોરણ અને અસમાનતાઓ પુરુષો તથા સ્ત્રીઓ બંનેને એચઆઈવી/એઈડ્સથી અસરગ્રસ્ત બનાવે છે એટલું જ નહિ પરંતુ તેમાં બંને વધારે અસહાય બને છે. જો કે, તેની વિપરીત અસર મહિલાઓ ઉપર વિશેષ પ્રમાણમાં થાય છે. આથી જ એચઆઈવી/એઈડ્સ સંબંધી પ્રશ્નોમાં મહિલાઓનું સશક્તિકરણ થાય તથા પુરુષો સામાજિક ભેદભાવ સંબંધી પ્રશ્નો અંગે વધારે સંવેદનશીલ બને તે આવશ્યક બની ગયું છે. આ પ્રયાસના ભાગરૂપે આ મુદ્દાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે કારણરૂપ લાભો નીચે મુજબ છે:

(૧) એચઆઈવી/એઈડ્સની સામેનો પ્રતિભાવ બહુક્ષેત્રીય બને.
(૨) રોગ થતો અટકાવવા માટેનું આવરણ વધારે.
(૩) રોગ થતો અટકાવવા માટેના સંદેશા લોકો સુધી પહોંચે, રોગથી રક્ષણ મેળવવામાં લોકોને મદદ કરે અને એ રીતે અનેક લોકોની જિંદગી બચે.
(૪) લાંબે ગાળે આ સમગ્ર કાર્યક્રમ ઓછો ખર્ચાળ સાબિત થાય.
(૫) ગરીબી, સામાજિક અસમાનતા અને ભેદભાવ ઘટે.
(૬) સમગ્ર પ્રયાસમાં અનેક લોકો સામેલ થાય.

## ભારતમાં એચઆઈવી/એઈડ્સની મહિલાઓ ઉપર અસર

(૧) ભારતમાં એચઆઈવીનો ચેપ ધરાવતી ૨૦ લાખ સ્ત્રીઓ અને છોકરીઓ છે અને એચઆઈવી/એઈડ્સ સાથે જીવતા લોકોમાં તેમનું પ્રમાણ ૪૦ ટકા જેટલું છે.
(૨) એચઆઈવીના સ્વૈચ્છિક પરીક્ષણ માટે ક્યાં જવું તેની માત્ર ૩૬ ટકા સ્ત્રીઓને જ ખબર હોય છે જ્યારે આ પ્રમાણ પુરુષોમાં ૫૨ ટકા છે.
(૩) એચઆઈવી પોઝિટિવ ધરાવતી લગભગ ૬૦ ટકા વિધવાઓની ઉંમર ૩૦ વર્ષથી ઓછી છે અને તેમાંની ૩૦ ટકા વિધવાઓ નિરક્ષર છે.
(૪) એચઆઈવીથી અસરગ્રસ્ત પરિવારોમાં સારવાર આપવાનું કામ કરનારાઓમાં ૭૦ ટકા મહિલાઓ છે. એમાંની ૨૦ ટકા પોતે જ એચઆઈવી પોઝિટિવ છે.
(૫) ૭૯ ટકા મહિલાઓને તેમના પતિની મિલકતમાં હિસ્સો આપવામાં આવ્યો નથી.
(૬) પોતાના પતિ મૃત્યુ પામે પછી ૯૦ ટકા મહિલાઓ પોતાના સાસરે રહેતી નથી.
(૭) એચઆઈવીના ચેપ મોટે ભાગે સ્ત્રીઓ ઉપર દોષારોપણ કરવામાં આવતું હોય છે.
(૮) શાળાએ જતી છોકરીઓને ઘરેલૂ કામ કરવું પડે છે અને ઘણી વાર કુટુંબની આવકમાં પૂરક આવક ઊભી કરવાનું પણ તેમને કહેવામાં આવે છે.
(૯) આવક કમાવા માટે સેક્સનો ઉપયોગ કરવાની ઘણી સ્ત્રીઓને ફરજ પડે છે.

*સ્રોત: જેન્ડર ઈમ્પેક્ટ્સ ઓફ એચઆઈવી/એઈડ્સ ઈન ઈન્ડિયા, ૨૦૦૬*

## સ્ત્રી–પુરુષ અસમાનતા અંગેનો બહુત્વવાદી અભિગમ

નોબેલ ઈનામ વિજેતા અર્થશાસ્ત્રી શ્રી અમર્ત્ય સેને ૨૦૦૧માં લખેલા એક લેખમાં સ્ત્રી-પુરુષ અસમાનતા અંગે નીચેના મુદ્દાઓ જણાવ્યા છે:

(૧) ભારતમાં જે રાજ્યો ધનિક છે અને ગરીબ છે તે બંને રાજ્યોમાં સ્ત્રીઓ વિરોધી વલણ પ્રવર્તે છે. ઝડપથી વિકસી રહેલાં રાજ્યોમાં પણ અને જે રાજ્યોને વિકાસમાં નિષ્ફળતા મળી છે તે રાજ્યોમાં પણ આ વલણ પ્રવર્તે છે.
(૨) મૃત્યુ દરમાં અસમાનતા છે તેમાંથી હવે ભ્રૂણ હત્યાને પરિણામે નવા પ્રકારની અસમાનતા ઊભી થાય છે.
(૩) આર્થિક સંસાધનો અને ભૌતિક સમૃદ્ધિથી આગળ વધીને સાંસ્કૃતિક અને સામાજિક પ્રભાવક બાબતો ઉપર ધ્યાન આપવાની જરૂર છે.
(૪) ગરીબીનું એક મહત્ત્વનું પાસું એ છે કે તેનું ખર્ચ મહિલાઓ અર્થતંત્રમાં ચૂકવે છે અને વળતર વિનાના કામ દ્વારા તથા ઓછા વળતરના કામ દ્વારા સામાજિક કલ્યાણ અંગેનું ખર્ચ પણ ઊભું થાય છે.
(૫) અછતને પરિણામે નહિ પણ સમર્થતાની પ્રાપ્તિના અભાવને પરિણામે ગરીબી અને વંચિતતા ઊભાં થાય છે.

## સામાજિક ભેદભાવ અંગે સંસ્થાકીય પ્રતિભાવ

એચઆઈવી/એઈડ્સ કાર્યક્રમમાં સામાજિક ભેદભાવને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેનો હેતુ તો મહિલાઓની અસહાયતા ઘટાડવાનો છે, મહિલાઓને વિષાણુનો ચેપ લાગવા સંબંધી પ્રશ્નોનો ઉકેલ લાવવાનો છે અને તેનાથી અસરગ્રસ્ત એવી મહિલાઓની સમસ્યાનો ઉકેલ લાવવાનો છે. આ સંદર્ભમાં જોઈએ તો આ બાબતને નીચેના મુદ્દાઓ

## સામાજિક ભેદભાવ અને એચઆઈવી/એઈડ્સ અંગેની અસહાયતાઃ મહત્ત્વના પ્રશ્નો

| | |
|---|---|
| આરોગ્ય સંબંધી માહિતીની પ્રાપ્તિ | • મહિલાઓનું શિક્ષણ અને સાક્ષરતાનું સ્તર<br>• જ્ઞાનના અન્ય સ્વરૂપોની પ્રાપ્તિ<br>• જાતીયતા સંબંધી માહિતી<br>• અધિકારો/કાનૂની મુદ્દાઓ/સામાજિક ભેદભાવના મુદ્દાઓ વિશેની માહિતી |
| સ્ત્રીઓ પ્રત્યેની હિંસા | • લગ્નના માળખામાં<br>• કુટુંબના સભ્યો/મિત્રો દ્વારા હુમલા<br>• વેપાર<br>• કામનું સ્થળ<br>• હિંસાનાં અન્ય સ્વરૂપો |
| જાતીયતા | • પુરુષત્વ વિશેની ધારણાઓ<br>• મહિલાઓના જ્ઞાન સંબંધી ધારણાઓ<br>• લગ્નની ઉંમર<br>• સલામત જાતીય સંબંધ |
| પરણિત સ્ત્રીઓની એચઆઈવી/એઈડ્સ સંબંધી અસહાયતા | • મહિલાઓ માટે લગ્ન એચઆઈવીનું મોટું જોખમી પરિબળ હોઈ શકે છે<br>• ઘણી છોકરીઓ ૧૮ વર્ષની થાય તે પહેલાં પરણે છે<br>• યુવાન પરણિત સ્ત્રીઓ અપરણિત પુરુષો કરતાં વધારે જાતીય રીતે સક્રિય હોય છે અને કોન્ડોમનો વપરાશ ભાગ્યે જ કરવામાં આવે છે.<br>• મોટી ઉંમરના પુરુષોને પરણતી યુવાન સ્ત્રીઓને જાતીય રીતે વહન પામતા રોગો થવાની શક્યતાઓ વધી જાય છે. |
| જાતીય સંબંધોમાં અસમાન દરજ્જો | • જો પતિ બેવફા હોય તો સ્ત્રીઓને અનેક પ્રકારના ચેપ લાગવાનો ભય વધારે રહે છે. પરણિત દંપતીઓ ભાગ્યે જ કોન્ડોમનો ઉપયોગ કરે છે કારણ કે તેમને તેની જરૂર લાગતી નથી<br>• જાતીય રીતે વહન પામતા રોગ જેને થયા છે તે સ્ત્રી સારવાર લેવા જતી નથી કારણ કે તેને અપમાનિત થવાનો ભય લાગે છે. |

સાથે સંબંધ છેઃ

(૧) માહિતી માટેની જરૂરિયાતમાં સ્ત્રી-પુરુષ તફાવતો અને માહિતીની પ્રાપ્તિ અંગે ઊભો થતો ભેદભાવ.

(૨) સામાજિક ભેદભાવ સંબંધી કાનૂની મુદ્દાઓ અને માનવ અધિકારો સંબંધી પ્રશ્નો.

(૩) પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે સત્તાની અસમાન વહેંચણી.

(૪) પુરુષો અને સ્ત્રીઓની જાતીયતા સંબંધી દંતકથાઓ અને ધારણાઓ.

(૫) લગ્ન સાથે અને લગ્નની બહાર જાતીય સંબંધો ઉપર અંકુશ.

(૬) મહિલાઓ અને છોકરીઓ સામેની હિંસા.

(૭) મહિલાઓ સંબંધી સંસ્થાગત પ્રશ્નો.

(૮) સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે સંચારના પ્રશ્નો.

(૯) સામાજિક ભેદભાવને આધારે દોષારોપણ અને સામાજિક ઈન્કાર સાથે સંબંધિત સવાલો.

(૧૦) સામાજિક ભેદભાવને પરિણામે મહિલાઓનું સીમાંતીકરણ અને કલંક.

ઉપરોક્ત સંદર્ભ સાથે ગુજરાત એઈડ્સ અવેરનેસ એન્ડ પ્રિવેન્શન (જીએપી-ગેપ) કાર્યક્રમ ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યો. ૧૯૮૯માં આ કાર્યક્રમ શરૂ થયો. આ કાર્યક્રમ હેઠળ સામાજિક અને વ્યવસાયી જૂથો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું અને જેઓ એચઆઈવીથી અસરગ્રસ્ત હતા તેમના ઉપર તત્કાળ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

| | |
|---|---|
| | • સ્ત્રીઓ ઘણી વાર ઈચ્છે છે કે કોન્ડોમનો ઉપયોગ કરવામાં આવે અથવા તો તેઓ એમ ઈચ્છે છે કે જાતીય સંબંધ બાંધવો નથી પરંતુ તેઓ તેમ કહેવાની તાકાત ધરાવતી નથી. |
| છોકરીઓની અસહાયતા | • જાતીય સંબંધ દરમ્યાન છોકરીની પ્રજનનલક્ષી વ્યવસ્થા તૂટી જાય છે અને તેથી તે વધારે અસહાય બને છે.<br>• કુંવારી છોકરી સાથેનો સંબંધ પુરુષને વિષાણુથી મુક્ત કરે છે એવી ધારણા પ્રવર્તે છે.<br>• યુવાન સ્ત્રીઓને ચેપ જલ્દી લાગતો નથી એવી ધારણા પણ પ્રવર્તે છે. |
| આર્થિક અસહાયતા | • કમાણી કરવાની ક્ષમતા<br>• આવક ઉપરનો અંકુશ<br>• વળતર વગરના કામનો બોજો<br>• કામના સ્થળે ઊભા થતા પ્રશ્નો |
| આરોગ્યની પ્રાપ્તિ | • આરોગ્ય સેવાઓ મહિલાઓને ઓછી પ્રાપ્ત થાય છે.<br>• પરીક્ષણનો નીચો દર<br>• દવાઓનો ઓછો ઉપયોગ |
| સ્થળાંતર | • પુરુષોનું સ્થળાંતર જોખમી વર્તન તરફ લઈ જાય છે.<br>• કુટુંબ કે સ્ત્રીનું સ્થળાંતર જાતીય શોષણ તરફ લઈ જાય છે. |
| ગતિશીલતા | • કામ, બજાર, સેવાઓ, માહિતી વગેરેની પ્રાપ્તિ<br>• પરીક્ષણની પ્રાપ્તિ<br>• કોન્ડોમની પ્રાપ્તિ |
| એચઆઈવી/એઈડ્સથી અસરગ્રસ્ત મહિલાઓની સમસ્યાઓ | • વિધાયક દરજ્જાને પરિણામે હિંસા<br>• બાળકો પ્રત્યે પહોંચ<br>• વારસો અને મિલકતની પ્રાપ્તિ<br>• જીવન નિર્વાહની પ્રાપ્તિ<br>• એચઆઈવી/એઈડ્સ ધરાવતી સ્ત્રીઓનાં બાળકો કલંક અને ભેદભાવનો ભોગ બને છે.<br>• કલંક અને ભેદભાવ<br>• એઈડ્સ સંપૂર્ણપણે થાય તેવી સ્થિતિનું નિર્માણ |

*સ્રોતઃ જેન્ડર ઈમ્પેક્ટ્સ ઓફ એચઆઈવી/એઈડ્સ ઈન ઈન્ડિયા, ૨૦૦૬*

વળી, જેઓ એચઆઈવી/એઈડ્સ ઉપર અંકુશ લાવવામાં અસરકારક પ્રદાન આપી શકે તેમના ઉપર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મુદ્દા તરીકે તાલીમ અને સલાહ માટે નવતર વ્યૂહરચનાઓ અપનાવવામાં આવી. તેને માટે અનેક સહભાગીઓ અને સ્વયંસેવકોને તેમાં ભાગીદાર બનાવવામાં આવ્યા. અજ્ઞાન, અપૂરતા સાધનો અને દુશ્મનાવટભર્યા વાતાવરણ વચ્ચે પણ શું થઈ શકે તેનું ઉદાહરણ આ કાર્યક્રમ પૂરુ પાડે છે. એચઆઈવી/એઈડ્સથી અસરગ્રસ્ત લોકો, તેમના પરિવારો, વેશ્યાઓ, વેપારી રક્તદાતાઓ, હીજડાઓ, તબીબો, શિક્ષકો, સ્થળાંતરિત કામદારો, યુવાનો અને વિદ્યાર્થીઓને આ સમગ્ર પ્રયાસમાં સામેલ કરવામાં આવ્યા છે.

સમુદાય-આધારિત સંગઠનો અને બિન-સરકારી સંગઠનોનો સહયોગ આ સમગ્ર પ્રક્રિયામાં લેવામાં આવ્યો. જિલ્લા અને તાલુકા સ્તરે તેમની પસંદગી કરવામાં આવી અને તેમની ક્ષમતા વધારવા માટે તથા તેમને સંવેદનશીલ બનાવવા માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમો યોજવામાં આવ્યા અને તેમને તાલીમ આપવામાં આવી. આ સંગઠનોએ આરોગ્ય ક્ષેત્રમાં વિવિધ જૂથો અને લોકોને તાલીમ આપવાનું કામ કર્યું એટલું જ નહિ પરંતુ વિવિધ પ્રકારનું સાહિત્ય આપીને માહિતીનો પ્રચાર-પ્રસાર કરવાનું કામ પણ કર્યું. જાગૃતિ ઊભી થાય તે માટેના કાર્યક્રમો આ રીતે વધારે ઉપયોગી થયા. સામાજિક ભેદભાવ અને મહિલાઓના સશક્તિકરણ માટે સ્વસહાય જૂથોની પણ મદદ લેવામાં આવી. એ ઉપરાંત, પર્યાવરણ સુરક્ષા તથા જળસ્રાવ વિકાસ કાર્યક્રમ માટે કામ કરતાં જૂથોનો ઉપયોગ પણ આ મુદ્દે સંવેદનશીલતા ઊભી


| પ્રતિરોધ માટેની બહુક્ષેત્રીય વ્યૂહરચનાઓ | | |
|---|---|---|
| **મહિલાઓ** | **પુરુષો** | **યુવાનો** |
| પ્રજનનલક્ષી આરોગ્ય સંભાળ વિશે માહિતી પ્રાપ્ત થાય અને તે અંગેની સેવાઓની પ્રાપ્તિમાં વધારો થાય | કોન્ડોમના ઉપયોગને પ્રોત્સાહન અને એક જ સહભાગી પ્રત્યે વફાદારી | એચઆઈવી/એઈડ્સ વિશેનું શિક્ષણ અને જાતીય શિક્ષણ શાળાઓમાં આપવું |
| સ્વ-સહાય જૂથો જેવાં જૂથો ઊભાં કરવાં કે જેમના દ્વારા મહિલાઓને ટેકો મળે, શિક્ષણ મળે, રક્ષણ મળે અને તેઓ પરસ્પર પ્રોત્સાહન પૂરું પાડે | સહભાગીઓ વચ્ચે જાતીય સંવહન સુધારવા માટેના પ્રયાસો | આરોગ્ય અને પ્રતિરોધ અંગેની સવલતો કિશોરો અને કિશોરીઓને પ્રાપ્ત થાય, તેમાં માત્ર એચઆઈવીના વહનને રોકવાનો જ પ્રયત્ન ન થાય પણ જરૂરી ન હોય તેવી સગર્ભાવસ્થા રોકવાનો અને જાતીય રીતે વહન પામતા રોગો રોકવાનો પ્રયત્ન પણ કરવામાં આવે. |
| અત્યંત જોખમી વર્તનના વિકલ્પ રૂપે આર્થિક તકોનું સર્જન | મહિલાઓના આરોગ્યની જરૂરિયાતો વિશે જાગૃતિ વધારવી અને કૌટુંબિક જીવનમાં પુરુષોની સહભાગિતામાં વધારો કરવો | કિશોરીઓને અને કિશોરીઓને લક્ષ્યાંકિત બનાવીને પ્રતિરોધ અંગેના પ્રયાસો સાથી શિક્ષકોને સામેલ કરીને કરવામાં આવે |
| એચઆઈવી/એઈડ્સના પ્રતિરોધ માટે મહિલાઓ દ્વારા અંકુશિત પદ્ધતિઓનું સર્જન અને વિતરણ, જેમકે મહિલાઓ માટેનાં ગર્ભનિરોધક સાધનો | કૌટુંબિક જીવનમાં પુરુષો રચનાત્મક ભૂમિકા ભજવી શકે તે માટે ધાર્મિક અને સામુદાયિક નેતાઓ તેમને પ્રોત્સાહન આપે તે જોવું. | અત્યંત જોખમી વર્તનના વિકલ્પ રૂપે આર્થિક તકોનું સર્જન |
| સહભાગીઓ વચ્ચે જાતીય સંવહન સુધારવા માટેના પ્રયાસો | | શાળાની બહાર રહી ગયેલી વ્યક્તિઓ, એચઆઈવી/એઈડ્સથી અસરગ્રસ્તો જેવાં જૂથોની જરૂરિયાતોને પહોંચી વળવા માટેના કાર્યક્રમો |
| *સ્રોતઃ જેન્ડર ઈમ્પેક્ટ્સ ઓફ એચઆઈવી/એઈડ્સ ઈન ઈન્ડિયા, ૨૦૦૬* | | મોટા ભાગનાં ઘરોમાં મા-બાપો તેમનાં બાળકો સાથે સેક્સ વિશે ખુલ્લી ચર્ચા કરવાનું ઈચ્છતા નથી તેથી જીવન કૌશલ્યનું શિક્ષણ પૂરું પાડવું. |

કરવા માટે કરવામાં આવ્યો. ગ્રામ વિસ્તારોમાં મહિલાઓમાં આ સામાજિક ભેદભાવના પ્રશ્ને સંવેદનશીલતા ઊભી કરવા માટે જે જૂથોને વધારે સક્રિય કરવામાં આવ્યાં તેમાં આ ત્રણ જૂથોનો સમાવેશ થતો હતોઃ

**(૧) સ્વ-સહાય જૂથોઃ**

સ્વ-સહાય જૂથો એ ગ્રામ વિસ્તારોમાં મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાનું એક સરસ ઉદાહરણ છે. સરકાર અને બિન-સરકારી સંગઠનો વચ્ચેની ભાગીદારી પણ આ ઉદાહરણ દ્વારા વ્યક્ત

## માનવ અધિકારોના ભંગનું ચક્રઃ ગત્યાત્મક પ્રક્રિયા




થાય છે. જ્યારે એચઆઈવી/એઈડ્સ માટે ગ્રામ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમો ચલાવવા માટે આ જૂથોના સભ્યોને અને નેતાઓને તાલીમ આપવામાં આવી ત્યારે તે ખૂબ જ પરિણામદાયી બની હતી. હવે તેઓ તેમનાં જૂથોમાં તેમની પોતાની બેઠકોમાં પણ આ વિષય વિશે ચર્ચાઓ કરે છે અને સામાજિક ભેદભાવ કેવી રીતે દૂર કરવો તે બાબત તેમને માટે અગત્યની બની છે.

**(૨) ભજન મંડળઃ**

દરેક ગામમાં મોટે ભાગે મહિલાઓનું એક ભજન મંડળ હોય છે. આ મંડળમાં દરરોજ સાંજે મહિલાઓ એકત્ર થાય છે અને ભજન ગાય છે. કોઈકને કોઈક ઘરમાં એકત્ર થતી આ મહિલાઓ એક એવું જૂથ છે કે જેમના દ્વારા સમગ્ર સમાજ સુધી એચઆઈવી/એઈડ્સ અંગેની જાગૃતિ પહોંચાડી શકાય. તેના સભ્યોને યોગ્ય તાલીમ આપવામાં આવી અને તેમને એચઆઈવી/એઈડ્સ વિશે માહિતી આપવામાં આવી અને તેમાં મહિલાઓ કેવી રીતે અસહાયતા અનુભવે છે તેને વિશેની વાત કરવામાં આવી. કેટલીક મહિલાઓએ આ વિષય વિશે વિવિધ ગીતો તૈયાર કર્યાં અને તે તેમનાં ગામોમાં ગાયાં પણ ખરાં. આ રીતે એક લોકપ્રિય માધ્યમનો ઉપયોગ એચઆઈવી/એઈડ્સ અંગે જાગૃતિ ફેલાવવા માટે કરવામાં આવ્યો. આ પ્રયોગ પણ ઘણો સફળ રહ્યો.

**(૩) આંગણવાડી કાર્યકરોઃ**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનાં ૨૦ ગામોમાં આંગણવાડી કાર્યકરોનું જે જૂથ કામ કરે છે તેનો ઉપયોગ પણ આ કાર્યક્રમ માટે કરવામાં આવ્યો. ખાસ કરીને આ જૂથના નેતાઓને અને લગભગ તમામ આંગણવાડી કાર્યકરોને એચઆઈવી/એઈડ્સ વિશે માહિતી આપવામાં આવી અને તાલીમ આપવામાં આવી. મહિલાઓના રક્ષણ માટે જે મહિલા કોન્ડોમ અને માઈક્રોબાયસાઈડ્સ જેવાં સાધનો પ્રાપ્ય છે તેને વિશે પણ તેમને માહિતી આપવામાં આવી. ખાસ કરીને સગર્ભાવસ્થા દરમ્યાન એચઆઈવી અંગે પરીક્ષણ કરવામાં આવે તે બાબત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો કે જેથી બાળકોને એચઆઈવીનો ચેપ ન લાગે. શૈક્ષણિક સાહિત્ય ગ્રામ વિસ્તારોમાં લોકોમાં સાંસ્કૃતિક રીતે અને સામાજિક રીતે સ્વીકાર્ય બને તે બાબત આંગણવાડી કાર્યકરોને સમજાવવામાં આવી. એ બાબત તેમાંથી સાબિત થઈ કે દરેક ગામમાં એ જ ગામની મહિલાઓ આ બાબત અંગે જાગૃતિ ફેલાવવામાં સૌથી વધારે ભૂમિકા ભજવી શકે તેમ છે. ખાસ

## એચઆઈવી ધરાવતી મહિલાઓ માટે લક્ષ્યાંકિત દરમ્યાનગીરીની આવશ્યકતા

(૧) એચઆઈવી ધરાવતી મહિલાઓને ઘણી વાર પૂરતી માહિતી મળતી હોતી નથી અને તેઓ મહત્ત્વની માહિતી ભાગ્યે જ પ્રાપ્ત કરી શકે છે.
(૨) યુવતીઓને ચેપ લાગે છે અને તેમની અસહાયતામાં વધારો થવાને પરિણામે ખૂબ જ આરંભના તબક્કે તેઓ વિધવા પણ થાય છે.
(૩) અભિવ્યક્તિની સ્વતંત્રતા, સારવારની પ્રાપ્તિ, જ્ઞાન પ્રાપ્તિ વગેરે જેવા મુદ્દાઓમાં સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવજનક વલણ દર્શાવવામાં આવતું હોય છે.
(૪) કુટુંબમાં અને કુટુંબની બહાર અને મહિલાઓ અને બાળકોને હિંસાનો વ્યાપક અનુભવ થતો હોય છે.
(૫) એચઆઈવી અંગેના પ્રશ્નો પુરુષો માટે હોય છે તેના કરતાં સ્ત્રીઓ માટે જુદા હોય છે.

કરીને, મહિલા સરપંચોને પણ તેઓ તાલીમ અને શિક્ષણ આપે એ બાબત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. તેને પરિણામે કેટલાંક ગામોમાં ૧૮થી ૪૫ની વયની લગભગ તમામ મહિલાઓને આ વિષય વિશે સંદેશો પહોંચાડી શકાયો.

## અસંગઠિત ક્ષેત્રના કામદારો

જે જૂથો એચઆઈવી/એઈડ્સ અંગે સૌથી વધારે જોખમ ધરાવે છે તે જૂથો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું આ કાર્યક્રમમાં નક્કી કરવામાં આવ્યું હતું. ખાસ કરીને, ટ્રક ડ્રાઈવરો આવા જૂથમાં સમાવિષ્ટ હતા. તેનું કારણ એ છે કે તેઓ ઘણી વાર પરિવારથી દૂર રહે છે અને ખાસ કરીને લાંબા ગાળા માટે તેઓ દૂર રહેતા હોય છે. આ જૂથમાં પણ એચઆઈવી/એઈડ્સનું જોખમ, તેની સાથે સંકળાયેલા કલંકો અને સામાજિક ભેદભાવ વિશે ભારે અજ્ઞાનતા પ્રવર્તતી જોવા મળી છે. તેથી તેમની વચ્ચે પણ કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ માટે કેટલાંક બિન-સરકારી સંગઠનોનો સહયોગ લેવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ટ્રકોના માલિકો અને પેટ્રોલ પંપોના માલિકોને પણ સામેલ કરવામાં આવ્યા. તેમને પણ આ મુદ્દા વિશે સંવેદનશીલ બનાવવામાં આવ્યા. એચઆઈવી/એઈડ્સને પરિણામે તેમના ધંધા ઉપર શી અસર થઈ શકે એમ છે તથા તેમને કેટલું નકસાન જઈ શકે તેમ છે તે પણ તેમને સમજાવવામાં આવ્યું. ટ્રકોના માલિકોએ આ સમગ્ર કાર્યક્રમને તેમની પોતાની કાર્યસૂચિમાં સમાવી લીધો અને કેટલીક કંપનીઓએ તો તેમના કાર્યસ્થળ અંગેની નીતિઓમાં પણ આ બાબતનો સમાવેશ કર્યો.

## કિશોરો અને કિશોરીઓમાં જાગૃતિ

એચઆઈવી/એઈડ્સ અને જાતીય રીતે વહન પામતા રોગો સૌથી વધારે કિશોરો અને કિશોરીઓને પોતાનો શિકાર બનાવતા હોય છે. જો યોગ્ય સમયે અને યોગ્ય રીતે આ બાબત અંગે જાગૃતિ ફેલાવવામાં આવે તો તેઓ જવાબદાર વર્તન કરવા માટે સજ્જ બને છે. ખાસ કરીને આ ધ્યેય સિદ્ધ કરવા માટે શિક્ષણ ક્ષેત્રે આ મુદ્દાનો સમાવેશ મોટા પાયા ઉપર કરવામાં આવે તે જરૂરી લાગે છે. શાળાઓના અભ્યાસક્રમોમાં એચઆઈવી/એઈડ્સ અંગેની જાગૃતિલક્ષી માહિતી આપવામાં આવે એ અનિવાર્ય જણાય છે. શિક્ષકો, મા-બાપો અને વિદ્યાર્થીઓમાં આ સમગ્ર મુદ્દા અંગે જાગૃતિ ફેલાવવામાં આ કાર્યક્રમ ઉપયોગી સિદ્ધ થાય તેમ છે.

અમે કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષકોને આ અંગે તાલીમ કાર્યક્રમો યોજીને સઘન તાલીમ આપી પછીથી તેમણે અન્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ બાબત અંગે જાગૃત કર્યાં. ખાસ કરીને શિક્ષકો એ બાબત સમજ્યા કે ભવિષ્યની પેઢીને રક્ષણ પૂરું પાડવા માટે આ પ્રકારનો કાર્યક્રમ જરૂરી છે. તેઓ પોતે જ આ કાર્યક્રમના હિમાયતીઓ બની ગયા. તેમણે શિક્ષક મંચ નામે એક મંચની પણ શરૂઆત કરી અને વર્ગખંડોમાં બાળકોને આ અંગે શિક્ષણ આપવા માટે ઝુંબેશ ચલાવવાની શરૂઆત કરી.

આ કાર્યક્રમને લીધે અમે ૪૧૦ જેટલી શાળાઓ સુધી પહોંચી શક્યા છે. તેમાંના ૩૦૦ શિક્ષકોને અમે તાલીમ પૂરી પાડી અને આશરે ૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સુધી એચઆઈવી/એઈડ્સ અંગેની જાગૃતિ ફેલાવી શક્યા. મંત્રાલયે આ બાબત અંગે સહકાર આપ્યો કે ખરેખર જ ઉલ્લેખનીય બાબત છે. કેટલાંક રાજ્યોમાં શિક્ષણ વિભાગ દ્વારા આ મુદ્દો હજી વિચારવામાં આવ્યો નથી પરંતુ આ મુદ્દે સક્રિયપણે જાગૃતિ ફેલાવવાનો આ એક નોંધપાત્ર રસ્તો છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

## માનવ અધિકારો

એચઆઈવી/એઈડ્સ અંગેનો મુદ્દો માનવ અધિકારોના દૃષ્ટિકોણથી વિચારવાની આવશ્યકતા છે. જે વ્યક્તિઓને એચઆઈવી/એઈડ્સ લાગુ પડે છે તેમની ઘણી વાર મનુષ્યોમાં જ ગણતરી કરવામાં આવતી નથી એમ કહીએ તો ચાલે. મનુષ્યની સંવેદનાત્મક જરૂરિયાતો અને વિકાસના દૃષ્ટિકોણથી આ સમગ્ર બાબતને જોવાની જરૂર છે.

જેઓને આ રોગ લાગુ પડ્યો છે તેમના પ્રત્યે સમાજની ફરજો શી છે તે બાબતે જાગૃતિ આવે એ એટલું જ જરૂરી છે કે જેટલું આ રોગના અસરગ્રસ્તોની સારવાર કેવી રીતે થવી જોઈએ તે છે.

એચઆઈવી/એઈડ્સથી અસરગ્રસ્ત લોકોના અધિકારોનું જતન થાય એને માટે સામાજિક કલંક નિવારવાની આવશ્યકતા છે. આ અર્થમાં જોઈએ તો આ એક સામાજિક બાબત છે. તેને જાતીયતા અને જાતીય સંબંધો સાથે તથા ઘરેલૂ હિંસા અને પ્રજનનલક્ષી આરોગ્ય સાથે સંબંધ છે તેથી આ સમગ્ર પ્રશ્નને માનવ સંબંધોમાં જાતીય સ્વાયત્તતા અને સમાનતાના અધિકારના સંદર્ભમાં જોવાવો જોઈએ. એચઆઈવી/એઈડ્સથી મહિલાઓ પોતે પોતાની જાતનું રક્ષણ કરી શકવા માટે સક્ષમ બને એ બાબત આ અધિકારોના સંદર્ભમાં કેન્દ્ર બિંદુ છે.

તેનો અર્થ એ થાય છે કે જાતીય સંબંધ ધરાવવો કે કેમ, અમુક પ્રકારના જાતીય વ્યવહારો કરવા કે કેમ અને ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ કરવો કે કેમ અને કેવી રીતે કરવો તેને અંગેના નિર્ણયો લેવામાં મહિલાઓની ક્ષમતા વધે એ અગત્યની બાબત છે. પ્રજનનલક્ષી આરોગ્ય અને ખાસ કરીને બાળકો જન્મ આપવો કે કેમ તે અંગેના અધિકારો અને સ્વતંત્રતા પણ આ ક્ષેત્રમાં અગત્યના છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

## રાજ્યની ભૂમિકા

સામાજિક અને સાંસ્કૃતિ સમાનતાનો અધિકાર, આરોગ્યનો અધિકાર, શિક્ષણની પ્રાપ્તિનો અધિકાર વગેરે બાબતો અહીં અગત્યની બને છે. એચઆઈવી/એઈડ્સ અંગે યુવાનો અને યુવતીઓની અસહાયતા ઘટે તે માટે આ અધિકારો અગત્યના છે. વિશેષ કરીને રાજ્યની જવાબદારી આ સંદર્ભમાં મહત્ત્વની છે કારણ કે માહિતીનો પ્રસાર-પ્રચાર કરવામાં અને મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવામાં રાજ્યની ભૂમિકા કાયદો ઘડવાની હોવાને લીધે અને તે અંગેના નિયમો અને નિયમનોનું પાલન કરાવવાની હોવાને લીધે અગત્યની છે.

સ્વચ્છ પાણી, સફાઈ અને પૂરતું પોષણ વગેરે બાબતો આરોગ્યના અધિકાર સાથે સંબંધિત છે. એચઆઈવી/એઈડ્સ સાથે જીવતી વ્યક્તિઓના કિસ્સામાં તેમના આરોગ્યની સ્થિતિની જતન થાય તે માટે આ બાબતો પૂરક બની શકે તેમ છે. તેથી રાજ્યે તેની ભૂમિકા વધારે સારી રીતે આ ક્ષેત્રમાં અદા કરવાની આવશ્યકતા છે. પર્યાપ્ત આરોગ્ય સંભાળ, પોષાય તેવા ભાવોએ દવાઓની પ્રાપ્તિ અને પાયાની આરોગ્ય સવલતો સ્થાનિક સ્તરે ઉપલબ્ધ બનાવવી વગેરે બાબતોમાં રાજ્ય વધારે સક્રિય થાય તેની આવશ્યકતા છે એમ પણ જણાય છે.

એચઆઈવી/એઈડ્સના સંદર્ભમાં જોઈએ તો મહિલાઓની આર્થિક સ્થિતિ તેમ જ સામાજિક સ્થિતિ તેમને વધારે અસહાય બનાવતી હોય છે ત્યારે રાજ્યે તેમની આ સ્થિતિનું નિવારણ થાય તેને માટેના સામાન્ય પ્રયાસો વધારે સઘનતાપૂર્વક ચલાવવા જોઈએ એમ પણ સ્પષ્ટ થાય છે. ગરીબી નિવારણ અને બેકારી નિવારણના કાર્યક્રમો જેટલા વધારે સફળ થશે તેટલા વધારે પ્રમાણમાં મહિલાઓની સક્ષમતા વધશે અને તેઓ આ વિષય વિશે વધુ માહિતી પ્રાપ્તિ કરી શકશે તથા સાથે સાથે તેઓ વધારે માહિતીપ્રદ પસંદગીઓ કરી શકશે.

## ઉપસંહાર

ઉપરોક્ત મુદ્દાઓને આધારે એમ તારવી શકાય છે કે એચઆઈવી/એઈડ્સ અંગે જેટલી સામાજિક જાગૃતિ જરૂરી છે એટલી જ વ્યક્તિગત જાગૃતિ જરૂરી છે અને સાથે સાથે સામાજિક ભેદભાવનું નિવારણ પણ આવશ્યક છે. રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ સંગઠન (એનએસીઓ)ની સ્થાપના કેન્દ્રના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે અને તેણે આ પડકારોને ઝીલી લેતો કાર્યક્રમ તૈયાર કર્યો છે. તેનો જે અભિગમ છે તેમાં અનેક ક્ષેત્રોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે અને સરકારના અન્ય ચાલુ કાર્યક્રમોમાં એચઆઈવી/એઈડ્સને રોકવા માટેના કાર્યક્રમને સામેલ કરવાનો છે. સામાજિક ભેદભાવનું નિવારણ કરીને તથા માહિતીનો પ્રચાર-પ્રસાર કરીને તથા તાલીમબદ્ધ કાર્યકરો તૈયાર કરીને પરિસ્થિતને નિયંત્રણમાં લાવવાનો પ્રયાસ તે કરે છે. કેન્દ્ર સરકારે આ માટે લગભગ ૧૩ મંત્રાલયોના કાર્યક્રમોમાં આ બાબતને સાંકળી લેવાનો પ્રયત્ન કર્યો છે.

ગુજરાતમાં સ્વ-સહાય જૂથો, આંગણવાડી કેન્દ્રો શાળાઓ વગેરે દ્વારા આ કાર્યક્રમને લોકકેન્દ્રી અને લોકાભિમુખ બનાવવા માટેનો પ્રયત્ન થઈ રહ્યો છે. ખાસ કરીને, આદિવાસી જિલ્લાઓમાં આશ્રમ શાળાઓ, વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, આઈટીઆઈ અને પ્રાથમિક શાળાઓને એચઆઈવી/એઈડ્સના નિયંત્રણ માટેના કાર્યક્રમમાં સક્રિયપણે સામેલ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આવા ૧૧ જિલ્લાઓમાં ૯૫૩૯ પ્રાથમિક શાળાઓ, ૪૨ આઈટીઆઈ, ૩૧૧૯ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, ૮૯ વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો અને ૪૪૫ આશ્રમ શાળાઓનો સમાવેશ તેમાં કરવામાં આવ્યો છે. તેને પરિણામે સમગ્ર કાર્યક્રમમાં લોકો સામેલ થયા છે અને સાથે સાથે સામાજિક ભેદભાવ નિવારવા માટેની જરૂરિયાત તમામ વર્ગના લોકોને સમજાઈ છે. મહિલાઓની જાગૃતિ આ સંદર્ભમાં વિશેષ ધ્યાન ખેંચે તેવી છે અને સામાજિક કલ્યાણમાં તેમની આ સભાનતા વિશેષપણે ઉપયોગી થશે.

**સંપર્કઃ** ઈમેલઃ gsacs@icenet.net

# આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

દર વર્ષે દુનિયાભરમાં ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઊજવણી કરવામાં આવતી હોય છે. આ નિમિત્તે આ વર્ષે પણ 'ઉન્નતિ' અને તેનાં સહયોગી તથા સહભાગી સંગઠનોએ ગુજરાત અને રાજસ્થાનમાં ખાસ કરીને પંચાયતોમાં ચૂંટાયેલી મહિલાઓ સક્ષમ રાજકીય નેતા બને તેવા હેતુથી અને તેઓ સમાજના નબળા વર્ગોના વિકાસ માટે સક્રિય બને તે હેતુથી આ દિવસની ઊજવણી કરી હતી. તેનો અહેવાલ અહીં આપવામાં આવ્યો છે.

## અમદાવાદ જિલ્લામાં ૧૦ ગ્રામ પંચાયતોમાં ઉજવણી

દેશભરમાં અત્યારે બાળકી બચાવો ઝુંબેશ ચાલી રહી છે. ખાસ કરીને ગુજરાતમાં ગુજરાત સરકાર અને અનેક નાગરિક સંગઠનો આ ઝુંબેશ ચલાવી રહ્યાં છે. એમ જણાયું છે કે ભારતમાં છોકરીઓના શિક્ષણ ઉપર અને ખાસ કરીને તે પણ ગ્રામ વિસ્તારોમાં ધ્યાન ઓછું આપવામાં આવે છે. તેને માટે અનેક પરિબળો જવાબદાર છે. ખાસ કરીને શિક્ષણના મૂલ્ય વિશે મા-બાપોને ઓછું જ્ઞાન હોવાની બાબત પણ એમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બીજી બાબત એ છે કે મા-બાપો એમ સમજે છે કે છોકરીને તો લગ્ન પછી વળાવવાની જ હોય છે. તેથી તેના શિક્ષણ પાછળ સંસાધનો વાપરવાં એ બગાડ જ છે. અનેક સમાજોમાં સ્ત્રીભૃણ હત્યા પણ વ્યાપક પ્રમાણમાં છે અને તે પ્રથા દૂર કરવાની આવશ્યકતા છે.

'ઉન્નતિ' પંચાયતો સાથે મળીને છોકરીના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદ જિલ્લાની દસક્રોઈ અને ધોળકા તાલુકાની દસ પંચાયતોમાં સઘન રીતે કામ કરી રહી છે. તેને માટે પ્રાથમિક શાળાના શિક્ષકો, નાગરિકો વગેરે આ મુદ્દે સંવેદનશીલ બને તે માટે પ્રયત્ન કરી રહી છે. નાગરિકો, માતા અને શિક્ષક મંડળ, વાલી અને શિક્ષક મંડળ તથા ગ્રામ શિક્ષણ સમિતિના ક્ષમતાવર્ધન માટેના પ્રયત્નો તે કરે છે. આ ૧૦ ગ્રામ પંચાયતોમાં કન્યા કેળવણી માટે અને સ્ત્રીભૃણ હત્યા રોકવા માટે સંવેદનશીલતા વધારવા માટેના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ ગ્રામ પંચાયતોમાં નાગરિક જૂથો અસ્તિત્વમાં આવ્યાં છે. આ જૂથો વિવિધ હિતધારકો વચ્ચે કડી તરીકે કામ કરે છે. તેમણે પંચાયત, સરકારી અધિકારીઓ, અન્ય પંચાયતોનાં નાગરિક જૂથો વગેરે સાથે મળીને આ પ્રકારના કાર્યક્રમો યોજ્યા હતા. આ જૂથો જ હવે કન્યા કેળવણી માટે પ્રયાસ કરે છે અને સ્ત્રીભૃણ હત્યા રોકવા માટે લોકોને સમજાવવાનો પ્રયત્ન કરે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે આ બંને મુદ્દે ધોળકા તાલુકાનાં સથાલ, નેસડા, ત્રાંસદ, વેટાવડા અને પાલડી ગામોમાં વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભવાઈ સ્વરૂપે શેરી નાટક ભજવવામાં આવ્યું હતું. આ નાટકમાં શિક્ષણ, છોકરીઓનાં વહેલાં લગ્ન, બાળમજૂરી, સ્ત્રીભૃણ હત્યા વગેરે જેવા પ્રશ્નોને આવરી લેવામાં આવ્યાં હતાં. તેમાં મા-બાપોએ બાળકોને શિક્ષણની તક પૂરી પાડવી જોઈએ અને તે માટે જાગૃતિ ફેલાવવી જોઈએ તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. દા.ત. આ નાટકમાં સુનિતા વિલિયમ્સ, કલ્પના ચાવલા અને પ્રતિભા પાટિલનાં ઉદાહરણો આપવામાં આવ્યાં હતાં. તેથી છોકરીઓને અને તેમનાં મા-બાપોને તેમાંથી પ્રેરણા મળે તથા આત્મવિશ્વાસ ઊભો થાય અને તેઓ કન્યાઓને ભણવા માટે તક પૂરી પાડે તથા અભ્યાસનું વાતાવરણ પૂરું પાડે. ઘણી વાર એમ પણ જોવા મળે છે કે છોકરીઓને ઉચ્ચ શિક્ષણ માટે મોકલવામાં આવતી નથી. આ બાબતે જાગૃતિ લાવવા માટે એ મુદ્દા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો કે લગ્ન એ છોકરીઓ માટે જીવનનો અંત નથી અથવા તો તેમને લગ્નને કારણે ઘરની ચાર દિવાલોમાં પૂરી રાખવાની નથી. પરંતુ તમામ સંજોગોમાં તેમને છોકરાઓની સમાન ગણવાની છે. ત્રાંસદ અને સથાલ જેવાં ગામોમાં સુનિતા વિલિયમ્સ અને રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ જેવાંનાં ઉદાહરણોએ ખાસ્સો રસ ઊભો કર્યો હતો. દરેક પંચાયતમાં આ નાટક દરમ્યાન ૨૦૦થી ૩૦૦ લોકો હાજર રહ્યા હતા.

## જોધપુરમાં ઉજવણી

જોધપુરમાં રણવીર ભવન ખાતે તા. ૧૧.૩.૨૦૦૮ના રોજ એક મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચાયતોમાં ચૂંટાયેલી ૨૦૦થી વધુ મહિલાઓ તેમાં હાજર રહી હતી. 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' (યુએનડીપી)ના પ્રતિનિધિ શ્રી અનિલ બહુગુણા અને જિલ્લા પંચાયતનાં પ્રમુખ સુશ્રી અમિતા ચૌધરીએ આ સંમેલનમાં હાજરી આપી હતી. સંમેલનમાં પંચાયતી રાજમાં મહિલાઓની ભૂમિકા વિશે અને તેમના રાજકીય સશક્તિકરણ વિશે ચર્ચા કરવામાં આવી હતી. તમામ સહભાગીઓએ ગ્રામ વિકાસની યોજનાઓ અને સરપંચો તથા ગ્રામ પંચાયતના સભ્યો તરીકે તેમના અનુભવ વિશે વિગતે રજૂઆતો કરી હતી. તેમણે એમ જણાવ્યું હતું કે તેમને અનુભવ મળી રહ્યો છે અને તેઓ નિર્ણય પ્રક્રિયામાં સહભાગી થઈને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરી રહ્યાં છે.

બિકાનેરના 'ઉર્મૂલ ગાવણિયાર' સંગઠને કઠપૂતળીના શો દ્વારા વિવિધ મુદ્દાઓની રજૂઆત કરી હતી. એ ઉપરાંત પંચાયતોમાં મહિલાઓની ભૂમિકા વિશે ગીતો પણ ગાયાં હતાં.

છોકરીઓના શિક્ષણ અંગે તેમ જ સ્ત્રીભૃણ હત્યા રોકવા માટે તથા દહેજ અને બાળલગ્નો જેવા કુરિવાજો રોકવા માટે સંમેલનમાં ચર્ચા કરવામાં આવી હતી. કુટુંબમાં છોકરીઓને છોકરાઓ જેટલી જ સગવડો પ્રાપ્ત થાય તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા આ મુદ્દે વિગતવાર વાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે સંમેલનમાં હાજર રહેનારા તમામ લોકો આ અંગે શપથ લે અને સમાજમાં આ મુદ્દે જાગૃતિ ફેલાવે.

સંમેલનમાં બપોર પછી બે જૂથોમાં ચર્ચાઓ થઈ હતી. એક જૂથે ઘરેલૂ હિંસા અંગે ચર્ચા કરી હતી. તે માટે ભીંતચિત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જ્યારે ગામોમાં આ મુદ્દા વિશે ચર્ચા થાય છે ત્યારે કયા પ્રશ્નો ઊભા થાય છે તે પણ વિચારવામાં આવ્યું હતું. બીજા જૂથે સાપસીડીની રમત દ્વારા સક્રિય અને નિષ્ક્રિય મહિલા પ્રતિનિધિઓ પંચાયતમાં કેવી ભૂમિકા ભજવે તે બાબત વિશે ચર્ચા કરી હતી.

સક્રિય મહિલાઓ જીવનમાં આગળ વધે છે અને નિષ્ક્રિય મહિલાઓ નીચે ઊતરી જાય છે એમ આ રમત દ્વારા સિદ્ધ કરવામાં આવ્યું હતું. તમામ મહિલાઓને સ્થાનિક સમસ્યાઓ ઉકેલવામાં અને સામાજિક જીવનમાં સક્રિય થવા માટે ભૂમિકા ભજવવા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. તેઓ પોતે જ ફરિયાદો દૂર કરે અને પ્રતિભાવાત્મક નેતાઓ બને તે માટે તેમને પ્રેરણા મળી હતી.

કેટલીક મહિલાઓએ તેમની સફળ કહાણીઓ રજૂ કરી હતી. તેનાથી બીજી મહિલાઓને પણ પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું. સંમેલનમાં એક બાબત છતી થઈ હતી કે મહિલાઓ માટેની અનામત બેઠકોને લીધે મહિલા સશક્તિકરણ થયું છે પરંતુ હજુ પણ પુરુષોનું માનસ બદલાયું નથી. મહિલાઓએ હિંમત અને આત્મવિશ્વાસ કેળવીને સમાજમાં પોતાનું યોગદાન આપવું જોઈએ એ બાબતે સૌ સંમત થયા હતા.

## ઝુનઝુનુ ખાતે મહિલા સંમેલન

રાજસ્થાનમાં ઝુનઝુનુ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે ૭મી માર્ચે એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો વિષય 'જાહેર ક્ષેત્રમાં મહિલાઓની સહભાગિતાનું મજબૂતીકરણ' હતો. 'શિક્ષિત રોજગાર કેન્દ્ર પ્રબંધક સમિતિ', 'પ્રિયા' અને 'ઉન્નતિ'ના સંયુક્ત ઉપક્રમે આ સંમેલન યોજાયું હતું. તેમાં આશરે ૬૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો. પંચાયતમાં ચૂંટાયેલી મહિલાઓ, આંગણવાડી કાર્યકરો, આશાસહયોગિનીઓ, સામુદાયિક મહિલા નેતાઓ વગેરેએ તેમાં હાજરી આપી હતી.

મહિલાઓની ભૂમિકા વિશે તેમના પોતાના ખ્યાલો અને લાગણીઓ, મહિલાઓની સુરક્ષા સંબંધી મુદ્દાઓ અને જન્મ નોંધણીમાં પંચાયતની મહિલાઓની ભૂમિકા જેવા ત્રણ મુદ્દાઓ વિશે સંમેલનમાં ત્રણ જૂથો દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. મહિલાઓએ એવો મત વ્યક્ત કર્યો હતો કે તેમને આરામનો સમય મળે તે જરૂરી છે, તેમના કામનું મૂલ્ય સમજવામાં આવે તે જરૂરી છે અને પુરુષો ઘરકામ સંભાળે તે આવશ્યક છે. તેમણે એમ પણ કહ્યું કે ઘરમાં મળતી સ્વતંત્રતા અને જાહેર ક્ષેત્રમાં તેમની ભૂમિકા કે સહભાગીદારી વચ્ચે સીધો સંબંધ છે.

જાહેર સ્થળોએ મહિલાની સુરક્ષા વિશે વિગતવાર ચર્ચા થઈ અને કેટલીક મહિલાઓએ તેમને અસલામતીનો જે અનુભવ થયો હતો તેને વિશે રજૂઆત કરી હતી. તેમણે કામના સ્થળે, જાહેર વાહનોમાં તથા મોબાઈલ ફોન જેવાં સંચાર સાધનોમાં તેમની સલામતી રહે તે બાબત ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. આ પ્રશ્નો ઉકેલવા માટે તત્કાળ પગલાં ભરવામાં આવે એ બાબતની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

જન્મ નોંધણીના મહત્ત્વ ઉપર વિશેષ ભાર મૂકાયો. તે એક કાનૂની દસ્તાવેજ છે, વસ્તી ગણતરીની ચોકસાઈ માટે પણ તે અગત્યનો છે અને વિકાસલક્ષી યોજનાઓ ઘડવા માટે પણ તે ઉપયોગી બાબત છે એમ તેમાં જણાવવામાં આવ્યું. પંચાયતની સભ્ય મહિલાઓ અને સરપંચો દર પખવાડિયે થતી પંચાયતની બેઠકોમાં આ વિશેની માહિતી આપે તે બાબત વિચારવામાં આવી. આંગણવાડી કાર્યકરો અને આશાસહયોગિનીઓ પણ જન્મ નોંધણી અંગે મહિલાઓને પ્રોત્સાહન આપે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો. તેનાથી શિક્ષણ વગેરે જેવી સવલતો આસાનીથી પ્રાપ્ત થશે એમ તેમને સમજાવવામાં આવ્યું હતું.

રાજસ્થાનના ચાર જિલ્લાઓમાં જાહેર ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી અંગે જે સંશોધન અભ્યાસ કરવામાં આવ્યો હતો તેની વિગતો આ સંમેલનમાં પૂરી પાડવામાં આવી. 'ઉન્નતિ' અને એસઆરકેપીએસ દ્વારા આ અભ્યાસનું આયોજન અને સંકલન કરવામાં આવ્યું હતું. ચૂંટાયેલા મહિલા અને પુરુષ સભ્યોમાં સૌથી વધુ સંખ્યામાં ૩૧થી ૪૦ની વયના લોકો હતા. લગભગ ૯૦ ટકા પરણિત હતા, સ્ત્રીઓ કરતાં પુરુષોમાં શિક્ષણનું સ્તર ઊંચું હતું. તેમાં એમ પણ જાણવા મળ્યું હતું કે ઘણી બધી મહિલાઓ એવી હતી કે જેમના કુટુંબમાં રાજકીય વાતાવરણ પહેલેથી જ પ્રવર્તતું હતું.

# એચઆઈવી/એઈડ્સનું જોખમ અને સામાજિક વલણો

સ્ત્રી-પુરુષ સમતાને પ્રોત્સાહન આપવા માટે સહભાગી જૂથ દરમ્યાનગીરીનો કાર્યક્રમ બ્રાઝિલમાં સફળતાપૂર્વક ચાલ્યો હતો. મુંબઈમાં એ જ પ્રકારનો કાર્યક્રમ પ્રાયોગિક ધોરણે ચલાવવામાં આવ્યો. આ દરમ્યાનગીરીને પરિણામે સ્ત્રીઓ અને પુરુષો અંગેનાં અસમાન ધોરણોને અપાતો ટેકો ઘટ્યો અને જાતીય સતામણીનું પ્રમાણ પણ ઘટ્યું તથા જોખમી વર્તન પણ ઓછું થયું. આ અંગે જે અભ્યાસ કરવામાં આવ્યો છે તેનાં તારણો અહીં આપવામાં આવ્યું છે. આ અભ્યાસ **હોરાઈઝન્સ, પોપ્યુલેશન કાઉન્સિલ, પાથ, કોરો ફોર લિટરસી, ઈન્સ્ટિટ્યુટો પ્રોમુન્દો અને ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર પોપ્યુલેશન સ્ટડીઝ** દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

### પ્રસ્તાવના

ભારતમાં એચઆઈવી/એઈડ્સ સાથે જીવતા લોકોની સંખ્યા ૫૧ લાખ છે કે જે દુનિયામાં બીજા ક્રમે સૌથી વધુ છે. એક એવો અંદાજ છે કે ત્રીસ વર્ષથી નીચેના યુવાનોની સંખ્યા એચઆઈવી ચેપ લાગવામાં લગભગ અડધી હોય છે. ભારતમાં આને અંગેનું જોખમ યુવાનોમાં હોવાનાં અનેક પરિબળો છે. તેમાંનું એક મહત્ત્વનું પરિબળ એ છે કે યુવાન પુરુષત્વ અંગેનું સમાજીકરણ થયેલું હોય છે. તેઓ ભારતમાં પુરુષોના વર્ચસ્વ સાથેના સંદર્ભમાં જીવતા હોય છે. તેઓ મોટે ભાગે મહિલા સાથીઓ સાથે બહુ ઓછા સંપર્કમાં હોય છે અને તેમને ભાગ્યો જ કશું જાતીય શિક્ષણ પ્રાપ્ત થયું હોય છે. આ સંદર્ભમાં મોટા ભાગના છોકરાઓ બીજી અનેક બાબતોની સાથે જાતીયતાના ક્ષેત્રમાં પણ પુરુષોના પ્રભુત્વને સ્વીકારે છે. પુરુષત્વ અંગેનો આ મંતવ્યોને પડકાર ફેંકવાનું અગત્યનું સમજવામાં આવ્યું છે. જાતીય આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે અને પુરુષો તથા સ્ત્રીઓની એચઆઈવી/એઈડ્સ અંગેની અસહાયતા ઘટાડવા માટે તે મહત્ત્વની બાબત છે.

જો કે, સ્ત્રી-પુરુષ અસમાનતાને પ્રોત્સાહન આપે તેવાં ધોરણો વિશે જાગૃતિ વધી રહી છે તેમ છતાં એચઆઈવી/એઈડ્સનું જોખમ વધે અને હિંસા વધે તે પ્રકારની શક્યતાઓ તો રહેતી જ હોય છે. સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહન આપવા અંગેના કાર્યક્રમની અસર એચઆઈવી/એઈડ્સ અટકાવવામાં શું ભૂમિકા ભજવે છે તે અંગે એક સંશોધન હાથ ધરવામાં આવ્યું. આ સંશોધનમાં નીચે મુજબના પ્રશ્નોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતાઃ

૧. ભારતમાં યુવાનો પુરુષત્વને વિશે શું સમજે છે અને કેવી રીતે તેને વ્યક્ત કરે છે.
૨. સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રેરક એવાં ધોરણો અને વર્તન કેવી રીતે યુવાનોમાં પ્રયોજી શકાય. તેમાં એચઆઈવી/એઈડ્સના જોખમનો ઘટાડો અને હિંસા સંબંધી બાબતોનો સમાવેશ પણ થઈ જાય.
૩. ભારતીય સંદર્ભમાં આ પ્રકારની દરમ્યાનગીરી ઉચિત છે અને તે સ્વીકાર્ય બનશે.
૪. એચઆઈવી/એઈડ્સ અને અન્ય જોખમો સંદર્ભમાં થતું વર્તન તથા સ્ત્રી-પુરુષ ભેદભાવના સંદર્ભમાં ઊભા થયેલાં ધોરણો અંગે જે વર્તન છે તેના ઉપર આ દરમ્યાનગીરીની અસર થશે ખરી?
૫. સ્ત્રી-પુરુષ ભેદભાવ અંગે વર્તન બદલાયું છે તે કેવી રીતે માપવું?

### પદ્ધતિ

મુંબઈમાં ઓછી આવક ધરાવતા સમુદાયોમાંના યુવાનોમાં આ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ, પુરુષત્વ, જાતીયતા અને આરોગ્યનું જોખમ વચ્ચેના સંબંધો તપાસવામાં આવ્યા હતા. સમુદાયના જ કેટલાક નેતાઓને આ અંગે સઘન તાલીમ આપવામાં આવી હતી. તેમણે ૧૬થી ૨૪ની વયના યુવાનો સાથે કુલ ૫૧ મુલાકાતો યોજી હતી. એ ઉપરાંત, બિન-સરકારી સંગઠનોના નેતાઓ, રાજકીય અને ધાર્મિક નેતાઓ તથા એ જ સમુદાયની યુવતીઓ સાથે ચાર જૂથ ચર્ચાઓ યોજવામાં આવી હતી.

તે પછી યુવાનો માટે દરમ્યાનગીરીની પ્રવૃત્તિઓ નક્કી કરવામાં આવી. છ મહિનાના ગાળા માટે ૧૨૬ યુવાનોને માટે આ નેતાઓએ શૈક્ષણિક બેઠકો યોજી હતી. એક સ્વતંત્ર સંશોધન ટુકડીએ દરમ્યાનગીરી પહેલાં અને પછી સર્વેક્ષણ હાથ ધર્યું હતું. પહેલાં ૧૦૭ અને પછી ૯૨ યુવાનોને આ સર્વેક્ષણમાં આવરી લેવાયા હતા. કેટલીક બેઠકો પછી યુવાનો સાથે ૧૬ જેટલી મુલાકાતો ગોઠવવામાં આવી હતી.

જે લોકો દરમ્યાનગીરીમાંથી બહાર નીકળી ગયા હતા તેમની સાથે ૧૧ અને બાકીના સાથે ૪ મુલાકાતો યોજવામાં આવી હતી. આ સંશોધનમાં ઘરેલૂ કામ અંગે સ્ત્રીઓ અને પુરુષોની ભૂમિકા, બાળ સંભાળ, જાતીયતા અને જાતીય સંબંધો, પ્રજનનલક્ષી આરોગ્ય અને રોગ પ્રતિરોધ તથા સહભાગી પ્રત્યેની હિંસા તથા સજાતીય સંબંધો અને અન્ય પુરુષો સાથેના ગાઢ સંબંધો વિશેનાં વલણો અંગે માહિતી

ભેગી કરવામાં આવી હતી. ઉપરાંત, એચઆઈવી/એઈડ્સનું જ્ઞાન, જાતીય સતામણી, શારીરિક અને જાતીય હિંસા, કોન્ડોમનો ઉપયોગ અને જાતીય ભાગીદારોની સંખ્યા જેવી બાબતો વિશે તારણો કાઢવામાં આવ્યાં છે.

## સંશોધનનાં તારણો

૧. પુરુષત્વ વિશે યુવાનોએ શારીરિક અને સામાજિક લક્ષણોને 'અસલી મર્દ' તરીકે વર્ણવ્યાં હતાં. જે હેન્ડસમ, મજબૂત, પડછંદ અને આકર્ષક હોય તે ખરો પુરુષ છે એમ તેઓ સમજતા હતા. જાતીય ક્ષમતાને સ્ત્રીઓ ઉપર શ્રેષ્ઠતા અને અંકુશ સિદ્ધ કરવા માટેનો એક મહત્ત્વનો રસ્તો સમજવામાં આવતો હતો. તેમણે એમ પણ કહ્યું કે ખરો પુરુષ બાયલો હોવો જોઈએ નહિ એટલે કે સ્ત્રીઓ જેવી રીતભાત તેનામાં હોવી જોઈએ નહિ.

૨. વર્ચસ્વ ધરાવવું એ ખરા મર્દની અસલી સામાજિક ગુણવત્તા છે એમ તેઓ સમજતા હતા. અન્ય પુરુષો સામે શારીરિક કે શાબ્દિક આક્રમણ કરવામાં આવે તો તે પુરુષત્વની નિશાની છે એમ પણ સમજવામાં આવતું હતું. ખરો પુરુષ નેતૃત્વ લે છે, ઝઘડામાં જીતે છે એમ તેઓ સમજતા હતા. પત્નીઓ, સ્ત્રી-મિત્રો અને પરિચિતો સામે આક્રમણ કરવું એ પુરુષત્વની સાબિતી છે. ઘણા પુરુષો સ્ત્રીઓને એક વસ્તુ સમજતા હતા. તેઓ એમ કહેતા હતા કે સ્ત્રીઓ એ પુરુષોની મિલકત છે. જાતીય તાકાત દર્શાવવા માટે તેઓ દબાણકારી વર્તન કરતા હતા. જાહેર સ્થળોએ સ્ત્રીઓને સ્પર્શવી, હાંસી ઊડાવવી, ખરાબ ભાષા વાપરવી, સીટી મારવી અને સ્ત્રીઓને સતાવવી એ તેમને માટે જાતીય તાકાત દર્શાવવાનાં સાધનો હતાં. સ્ત્રીઓને ફરજિયાત ચુંબન કરવું અને તેમની સાથે બળજબરીપૂર્વક સંભોગ કરવો તેનો પણ સમાવેશ દબાણકારી પ્રવૃત્તિ તરીકે થતો હતો.

૩. ખરો પુરુષ એ છે કે જે પોતાનાં બાળકો, મા-બાપ, પત્ની વગેરેની કાળજી લે છે. પુરુષે વધારે કમાવું જોઈએ અને પોતાના પરિવારની કાળજી રાખવી જોઈએ એમ સમજવામાં આવતું હતું. તેણે પોતાની પત્ની પ્રત્યે નિષ્ઠાવાન અને વફાદાર રહેવું જોઈએ એમ પણ તેમણે કહ્યું હતું.

૪. યુવાનોની જીવનશૈલીમાં કોન્ડોમનો ઉપયોગ ભાગ્યે જ કરવામાં આવતો હતો. ઉતાવળમાં જાતીયતાને ઘણી વાર સંતોષવામાં આવતી હતી અને કોન્ડોમના ઉપયોગ વિશે કશું વિચારવામાં આવતું નહોતું. જ્યારે તમે જાતીય રીતે ઉશ્કેરાટ અનુભવતા હોવ ત્યારે કોન્ડોમનો ઉપયોગ કરવા માટે સમય શા માટે બગાડવો એવો સવાલ પણ તેમણે પૂછ્યો હતો. પોતાની પત્ની કે સ્ત્રી-મિત્ર સાથે શા માટે કોન્ડોમનો ઉપયોગ કરવો જોઈએ એવું પણ તેઓ પૂછતા હતા. હીજડા સાથેના સંબંધોમાં પણ શા માટે કોન્ડોમનો ઉપયોગ કરવો જોઈએ એમ તેમણે પૂછ્યું હતું. જો કે, મોટે ભાગે વેશ્યાઓ સાથે કોન્ડોમનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ યુવાનો એમ સમજતા હતા કે એઈડ્સનો ફેલાવો વેશ્યાઓ કરે છે અને તેથી તેમની સાથેના સંબંધોમાં કોન્ડોમનો ઉપયોગ કરવામાં આવતો હતો.

## યારી–દોસ્તી દરમ્યાનગીરી

સંશોધનનાં તારણોને આધારે અને અન્ય સાંસ્કૃતિક સંદર્ભોમાં સ્ત્રી-પુરુષ સમાનતા વિશે થયેલાં કાર્યોને આધારે યુવાનોના વર્તનમાં પરિવર્તન લાવવા માટેનો એક કાર્યક્રમ વિચારવામાં આવ્યો અને તેને પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવ્યો. જોખમી વર્તનને પ્રોત્સાહિત કરે તેવાં ભેદભાવલક્ષી ધોરણો વિશે ચિંતન-મનન પ્રેરવા માટે આ કાર્યક્રમમાં પ્રયાસ કરવામાં આવ્યો. ઉપરાંત, સંભાળ અને સંચાર પણ તેના મુખ્ય મુદ્દા બની રહ્યા. આ પરિયોજનામાં સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવ ન કરનાર પુરુષ કેવો હોય તેને વિશે નીચે મુજબની ધારણાઓ કરવામાં આવીઃ

(૧) જાતીય સંબંધોને બદલે આદર-સન્માન, સમાનતા અને અંગતતા ઉપર સંબંધોમાં વિશેષ ભાર મૂકે.
(૨) બાળકોની સંભાળ અને ઘરેલૂ કામકાજમાં પણ તે સામેલ થાય.
(૩) પ્રજનનલક્ષી આરોગ્ય અને રોગોના પ્રતિરોધ માટેની જવાબદારી ઉઠાવે.
(૪) સ્ત્રી સામેની હિંસાનો વિરોધ કરે.
(૫) હોમોફોબિયાનો વિરોધ કરે.

બ્રાઝિલમાં આ કાર્યક્રમ ઈન્સ્ટિટ્યુટો પ્રોમુન્દો નામની સંસ્થા અને તેનાં સહભાગી સંગઠનો દ્વારા ચલાવવામાં આવ્યો હતો. તેમાં યુવાનોમાં સમતાપૂર્ણ વર્તન અને વલણો વિકસે તે ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત, કોન્ડોમનો ઉપયોગ વધે અને જાતીય રીતે ફેલાતા રોગોનું પ્રમાણ ઘટે તે માટે પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

સમુદાય સાથે બે મહિના સુધી જુદા જુદા સ્તરે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો અને એક સપ્તાહની કાર્યશાળાઓ પણ યોજવામાં આવી. સહભાગી પદ્ધતિઓને આધારે ૨૦ જેટલી રમતો વિચારવામાં આવી. તેમાં ચર્ચા, વિવાદ અને રોલ-પ્લેનો સઘન ઉપયોગ કરવામાં આવ્યો. પાત્રો, વાર્તા અને ઉદાહરણો વારંવાર બદલવામાં આવ્યાં. એચઆઈવી/એઈડ્સનું જોખમ, તેનો પ્રતિરોધ, સંબંધોમાં બેવફાઈ, કોન્ડોમનો ઉપયોગ, પરિવાર-સમુદાયમાં પ્રવર્તમાન હિંસા, સ્ત્રી-પુરુષ ભેદભાવ અને જાતીયતા તથા પ્રજનનલક્ષી આરોગ્ય વિશેના મુદ્દાઓ તેમાં આવરી લેવામાં આવ્યા.

| વિગત | સંમત થનારા યુવાનોનું ટકાવારી પ્રમાણ |
|---|---|
| **જાતીયતા અને જાતીય સંબંધો** | |
| ૧. કેવા પ્રકારનો જાતીય સંબંધ ધરાવવો તે પુરુષ નક્કી કરે છે | ૪૨ |
| ૨. પુરુષો હંમેશાં જાતીય સંબંધ માટે તૈયાર હોય છે | ૬૦ |
| ૩. પોતાની પત્ની સાથે બધું બરાબર હોય તો પણ પુરુષને અન્ય સ્ત્રીઓની જરૂર હોય છે | ૨૯ |
| **હિંસા** | |
| ૧. કેટલીક વાર સ્ત્રીઓ માર ખાવાને જ લાયક હોય છે | ૩૧ |
| ૨. જો કોઈ મારું અપમાન કરે તો બળ વાપરીને પણ હું મારી પ્રતિષ્ઠાનું રક્ષણ કરીશ | ૪૫ |
| ૩. પોતાના પરિવારને સંગઠિત રાખવા માટે સ્ત્રીએ હિંસા સહન કરવી જોઈએ | ૩૬ |
| **ઘરેલૂ જીવન અને સાર-સંભાળ** | |
| ૧. સ્ત્રીની સૌથી મહત્ત્વની ભૂમિકા પોતાના ઘરની કાળજી લેવાની અને પોતાના પરિવાર માટે રાંધવાની છે | ૪૧ |
| ૨. બાળોતિયાં બદલવાં, બાળકને સ્નાન કરાવવું અને બાળકને ખવડાવવું એ માતાની જવાબદારી છે | ૬૩ |
| ૩. પોતાના ઘરમાં નિર્ણયો લેવામાં પુરુષ કહે તે થાય | ૩૪ |
| **પ્રજનનલક્ષી આરોગ્ય અને રોગનો પ્રતિરોધ** | |
| ૧. જે સ્ત્રીઓ કોન્ડોમ ધરાવે છે તેમની સાથે આસાનીથી જાતીય સુખ માણી શકાય | ૫૫ |
| ૨. સગર્ભા થવાનું ટાળવું એ સ્ત્રીની જવાબદારી છે | ૩૮ |
| ૩. જો મારી પત્ની મને કોન્ડોમ વાપરવાનું કહે તો હું ગુસ્સે થાઉં | ૩૫ |
| **હોમોફોબિયા અને અન્ય પુરુષો સાથેના સંબંધો** | |
| ૧. મારે કોઈ પુરુષ મિત્ર સાથે સજાતીય સંબંધો કદી નહિ હોય | ૫૫ |
| ૨. પુરુષ સ્ત્રીની જેમ વર્તે એ મને ઘૃણાસ્પદ લાગે છે | ૫૭ |
| ૩. એવો પુરુષ મિત્ર હોવો જરૂરી છે કે જેની સાથે તમે તમારી સમસ્યાઓની ચર્ચા કરી શકો | ૮૦ |

મુખ્યત્વે સંશોધનમાં લાગેલા સ્થાનિક નેતાઓને તેમાં સઘન તાલીમ આપવામાં આવી. પછી તેમણે સમુદાયમાંથી યુવાનોનાં જૂથો પસંદ કર્યાં. આ યુવાનો રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક જૂથોના, વ્યાવસાયિક તાલીમ જૂથોના, રસ્તા પર રખડતા યુવાનોના અને નેતાઓના મિત્રોમાંથી હતા. આ રીતે ૧૨૬ યુવાનો પસંદ કરાયા અને તેમને ચાર જૂથોમાં વહેંચી નાંખવામાં આવ્યા. દરેક જૂથમાં ૩૦થી ૩૫ યુવાનો હતા. તેઓ ૧૮થી ૨૯ની વયના હતા. તેમાંથી ૧૦૭ યુવાનો દ્વારા પ્રશ્નાવલિ ભરવામાં આવેલી હતી. લગભગ ૭૨ ટકા યુવાનો અપરણિત હતા, ૧૯ ટકા યુવાનોને સ્ત્રી મિત્રો હતી અને ૯ ટકા યુવાનો પરણિત હતા. ૫૬ ટકા યુવાનોએ ૧૧ વર્ષનું શિક્ષણ મેળવ્યું હતું. મોટા ભાગના યુવાનો માસિક રૂ. ૨૦૦૦થી ઓછી આવક ધરાવતા હતા.

## મુખ્ય તારણો

યારી-દોસ્તી દરમ્યાનગીરીનું જે પરિણામ આવ્યું તે આ સાથે બે કોઠાઓમાં જણાવવામાં આવ્યું છે. આ તારણોને નીચે મુજબ રજૂ કરી શકાયઃ

(૧) સામાન્ય રીતે એમ જણાય છે કે યુવાનો સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવોને અને અસમાન ધોરણોને મોટે ભાગે ટેકો આપે છે. જો કે, તેમ છતાં સમતાપૂર્ણ ધોરણો વિશે પણ સંમતિ પ્રવર્તતી હતી. બાળક હોવું જોઈએ કે નહિ તે અંગે દંપતીએ નિર્ણય કરવો જોઈએ એમ ૮૫ ટકા યુવાનોએ જણાવ્યું હતું.

(૨) જે પુરુષો સ્ત્રી સામેની હિંસાને ટેકો આપતા હતા તેઓ અસમતાપૂર્ણ ધોરણોને પણ વધારે ટેકો આપતા હતા.

(૩) આ પરિયોજના માટે જે યુવાનોની ભરતી કરવામાં આવી

હતી તેમણે સતત પરિયોજનાની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. યુવાનો અને તેમના નેતાઓએ એમ જણાવ્યું હતું કે તેમને આ વિષયોમાં રસ પડ્યો છે કારણ કે આ મુદ્દા વિશે ખુલ્લંખુલ્લા ચર્ચા કરવાની તક તેમને પહેલી જ વાર પ્રાપ્ત થઈ છે. અન્ય પુરુષો સાથે આ મુદ્દાઓ વિશે વાત કરવાનું તેમને ગમ્યું છે એમ પણ તેમણે કહ્યું હતું. સહભાગીઓને સામાન્ય રીતે આરંભમાં મનુષ્યનું શરીર, જાતીયતા અને એચઆઈવી/એઈડ્સ વિશે માહિતી મેળવવામાં વધારે રસ હતો. પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ સ્ત્રી-પુરુષ ભેદભાવ સંબંધી વલણો, જાતીય હિંસા અને સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના સત્તાના સંબંધોમાં પણ તેમને રસ પડવા માંડ્યો. આ કાર્યક્રમમાં સહભાગિતાની તેમની ઉપર શું અસર થઈ એવું તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે એમ કહ્યું કે પ્રેમ, જાતીયતા અને પુરુષત્વ વિશેના તેમના ખ્યાલો અને સમજ બદલયાં છે.

(૪) કેટલીક બેઠકો દરમ્યાન ખૂબ જ ઉગ્ર ચર્ચાઓ સહભાગીઓ વચ્ચે થઈ હતી. ખાસ કરીને જ્યારે રોલ પ્લે કરવામાં આવ્યો ત્યારે સ્ત્રીઓ સામેની હિંસાના સંદર્ભમાં વિશેષ ચર્ચા થઈ હતી.

(૫) આ દરમ્યાનગીરી પછી સહભાગીઓમાં એ પરિવર્તન આવ્યું કે તેઓ સ્ત્રી-પુરુષ ભેદભાવ સંબંધી અસમતાપૂર્ણ ધોરણોને ઓછો ટેકો આપતા હતા. આ અંગેની વિગતો પણ આ સાથેના કોઠામાં આપવામાં આવી છે. જે વિધાયક પરિવર્તનો દેખાય છે તે લગભગ તમામ યુવાનોમાં દેખાયા છે. જો કે, મોટી ઉંમરના યુવાનો કરતાં નાની ઉંમરના યુવાનોમાં આ પરિવર્તન વધારે દેખાયું છે. ઉપરાંત, વધુ શિક્ષિત યુવાનો કરતાં ઓછા શિક્ષિત યુવાનોમાં પરિવર્તન ઝડપથી દેખાયું છે.

(૬) આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવેલી દરમ્યાનગીરી પછી જે નોંધપાત્ર પરિવર્તન જણાયું તે એ હતું કે છોકરીઓની સતામણીમાં ઘટાડો થયો છે અને અન્ય જોખમી વર્તનમાં પણ ઘટાડો થયો છે. છેલ્લા ત્રણ મહિનાના ગાળા દરમ્યાન જાતીય સંદર્ભમાં થતી છોકરીઓનું મશ્કરીનું પ્રમાણ મોટા પ્રમાણમાં ઘટ્યું છે. ઉપરાંત, પરણિત કે અપરણિત એવી જાતીય ભાગીદાર સ્ત્રી પ્રત્યેની શારીરિક હિંસાનું પ્રમાણ પણ છેલ્લા ત્રણ માસના ગાળા દરમ્યાન ઘટ્યું છે. આ ઉપરાંત, કોન્ડોમના ઉપયોગનું પ્રમાણ પણ ૪૬ ટકાથી વધીને ૫૮ ટકા થયું હતું. એ જ રીતે, અપરણિત સ્ત્રી સાથે શારીરિક સંબંધ રાખવાનું યુવાનોનું પ્રમાણ પણ ઘટ્યું હતું. તે ૨૯ ટકાથી ઘટીને ૨૩ ટકા થયું હતું. યુવાનોએ જે વલણો દર્શાવ્યાં છે તે તમામ વલણો તેમણે જાતે જ વર્ણવ્યાં છે. આ તેમની જાતીય સભાનતા દર્શાવે છે એમ કહી શકાય.

**શ્રેણીવાર આંકમાં ટકાવારી પરિવર્તન**

| વર્તનનો પ્રકાર | પરીક્ષણ પહેલાં | પરીક્ષણ પછી |
|---|---|---|
| સૌથી ઓછું સમતાપૂર્ણ | ૩૧.૫ | ૯.૮ |
| સાધારણ રીતે સમતાપૂર્ણ | ૬૭.૪ | ૯૦.૨ |
| સૌથી વધારે સમતાપૂર્ણ | ૧.૦ | ૦.૦ |

**છોકરીઓની સતામણીમાં ટકાવારી ફેરફાર**

| પરીક્ષણ પહેલાં | પરીક્ષણ પછી |
|---|---|
| ૬૨.૦ | ૩૩.૭ |

## ઉપસંહાર

પુરુષત્વ અને રોમેન્ટિક સંબંધોમાં તથા જાતીય સંબંધોમાં પુરુષોની ભૂમિકા વિશે યુવાનોના જે અભિપ્રાયો હતા તેમાં મુખ્યત્વે તેને પુરુષોનો અધિકાર અને વર્ચસ્વના સંદર્ભમાં જોવામાં આવતા હતા. આ દરમ્યાનગીરીમાં જવાબદારી, સંભાળ અને પોતાના સાથી પ્રત્યેનો આદર વગેરે બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ દરમ્યાનગીરીનો સફળતાપૂર્વક અમલ થયો છે. આ પરિયોજનામાં જે યુવાનોની ભરતી કરવામાં આવી હતી તે તમામ યુવાનોએ સતત પરિયોજનાની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. નેતાઓ અને સહભાગીઓએ બંનેએ એમ જણાવ્યું હતું કે તેમને આ સમગ્ર કાર્યક્રમમાં રસ પડ્યો હતો. આ પ્રાયોગિક પરિયોજનાના અનુભવોને આધારે હવે એક મોટા જૂથમાં આ શૈક્ષણિક કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. તેમાં આશરે ૧૦૦૦ યુવાનો ભાગ લઈ રહ્યા છે. મુંબઈના શહેરી વિસ્તારોમાં અને ઉત્તર પ્રદેશના ગ્રામીણ વિસ્તારોમાં આ પરિયોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં જૂથ શિક્ષણની સાથે સાથે સમુદાય-આધારિત શિક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. હવે 'સોચ સહી, મર્દ વહી' સૂત્ર સાથે આ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેમાં શેરી નાટકો, ભીંતપત્રો, ચોપાનિયાં, જાહેર પડદા અને સેવા તથા માહિતી કેન્દ્ર વગેરેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ઝુંબેશ મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ અને હિંસામુક્ત જીવનશૈલી ઉપર ભાર મૂકે છે અને સમુદાયના યુવાનો તેમના પોતાના જીવનમાં જીવનશૈલી બદલે તથા એચઆઈવી/એઈડ્સને દૂર રાખે અને તેને માટે તેઓ પોતે પણ સક્રિય બને એ ભૂમિકા તેમાં પાયામાં છે.

*સ્રોત: હોરાઈઝન્સ, ૫૩, લોધી એસ્ટેટ, નવી દિલ્લી-૧૧૦૦૦૩.*
*ઈમેલ: horizons-india@popcouncil.org*

# સાંપ્રત પ્રવાહ

## શ્રી અનિલ શાહ ગ્રામ વિકાસ પારિતોષિક અને ગ્રામ સંગઠન પારિતોષિક ૨૦૦૭

ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડીએસસી)ના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી અનિલભાઈ શાહનું ગ્રામ વિકાસના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. ૨૦૦૧માં તેમનાં મિત્રો, કુટુંબીજનો અને સાથી સંસ્થાઓએ મળીને ગ્રામ વિકાસ પારિતોષિક યોજના ઘડી હતી. આ યોજના અંતર્ગત ગ્રામ વિકાસમાં બહુ જાણીતા નહીં તેવી પરંતુ આશાસ્પદ વ્યક્તિઓ અને સંસ્થાઓને નવાજવા માટે પારિતોષિક પ્રદાન કરવામાં આવે છે. આ પારિતોષિક માટે વ્યક્તિની ઉંમર ૪૫થી વધુ નહિ અને સંસ્થાનો અનુભવ ૧૫ વર્ષથી વધુ નહિ તેમ નક્કી કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ સંસ્થા અને વ્યક્તિને વધુ સારું કામ કરવા માટે પ્રેરણા પૂરી પાડવાનો છે. પારિતોષિકનું સંચાલન ગુજરાતના પ્રતિષ્ઠિત કર્મશીલોની નિર્ણાયક સમિતિ દ્વારા કરવામાં આવે છે. તેના અધ્યક્ષ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી સુદર્શન આયંગાર છે. ૨૦૦૭નાં પારિતોષિકો નીચે મુજબની સંસ્થા, વ્યક્તિ અને ગ્રામ સંગઠનોને જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. વાય. કે. અલઘના હસ્તે પ્રદાન કરવામાં આવ્યાં છેઃ

### (૧) શ્રી અનિલ શાહ ગ્રામ વિકાસ પારિતોષિક

'જળ બચાવો, વૃક્ષ ઉછેરો' જેવો પર્યાવરણનો મંત્ર જીવનમાં ઉતારનારા શિક્ષકોના આદર્શસમા શ્રી ખોડાભાઈ બચુભાઈ ખસિયાને આ પારિતોષિક આપવામાં આવ્યું છે. છેલ્લાં ૨૦ વર્ષથી શ્રી ખોડાભાઈ ખસિયાએ પાંચાળની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિમાં ગાંધીવારસાના જતન સાથે કુદરતી સંસાધનના વિકાસની નમૂનારૂપ કામગીરી શરૂ કરી છે. શ્રી ખોડાભાઈ ૧૯૮૩-૮૪માં આંબરડી ગામે આવ્યા ત્યારે ત્યાંની પરિસ્થિતિ એવી કપરી હતી કે દિવાળી બાદ આખો વિસ્તાર પાણીવિહોણો બની જતો હતો. વરસાદમાં વરસતું પાણી વહી જતું હતું. તળાવો કે પાણીનાં અન્ય સ્રોત માંડ દિવાળી સુધી ઉપયોગમાં આવતાં હતાં. પાણીના અભાવે લોકોના વિકાસના પ્રયત્નો ઉપર પણ પ્રશ્નાર્થ મૂકાઈ જતો હતો. ગામના વિદ્યાર્થીઓ શિક્ષણથી પણ વંચિત રહેતા હતા અને માત્ર ૧૫ વિદ્યાર્થીઓ જ શિક્ષણાર્થે આવતા હતા. સ્વપ્રયત્નમાં માનનારા શ્રી ખોડાભાઈએ વર્ષે ૧૦થી ૧૨ ઇંચ વરસાદ ધરાવતા આ વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહ માટે તળાવ વિકાસના કામથી જળસંચય પ્રવૃત્તિ આદરી. વિસ્તારમાં ૩૫ જેટલા પરકોલેશન ટેન્ક (રિચાર્જ કરવાના કૂવા), ૭૧ ચેકડેમ ઊભા કરી વરસાદી મહેરને જમીનમાં ઉતારી વોટરશેડનાં કામો કર્યાં. તેને પરિણામે લોકોની આવકમાં અંદાજે ૨૦ ટકા વધારો થયો. ઉપરોક્ત પ્રદાન બદલ શ્રી ખોડાભાઈને ૨૦૦૭નું રૂ. ૫૦,૦૦૦નું ગ્રામ વિકાસ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે.

### (૨) ગ્રામ વિકાસ ફેલોશિપ - ૨૦૦૭

મૂળ રાજસ્થાનના વતની અને ગુજરાતના આદિવાસી વિસ્તારને કર્મભૂમિ બનાવનાર પ્રકૃતિ ફાઉન્ડેશનના નિયામકશ્રી રાજેન્દ્રકુમાર જયસ્વાલને ૨૦૦૭ની ગ્રામ વિકાસ ફેલોશિપ પેટે રૂ. ૨૦,૦૦૦ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યાં છે. શ્રી જયસ્વાલે ૧૯૯૧થી ગુજરાતના પૂર્વપટ્ટીના પંચમહાલ જિલ્લાનાં આશરે ૮૦ ગામોમાં વોટરશેડ વિકાસ અને બાગાયત વિકાસનું કામ કર્યું છે. તેમના દ્વારા કુદરતી સંસાધન વિકાસ અને ખેતીવિકાસ માટે ગ્રામ કોષ અને અનાજ બેંક શરૂ કરવામાં આવ્યાં છે.

### (૩) ગ્રામ સંગઠન પારિતોષિક ૨૦૦૭

(અ) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના લાસા ગામના જળસ્રાવ વિકાસ મંડળને ૨૦૦૭નું પ્રથમ ગ્રામ સંગઠન પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. આ સંગઠનને પારિતોષિક રૂપે રૂ. ૨૦,૦૦૦ રોકડા અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. જળ સંસાધનોના વિકાસ અને જમીનના ધોવાણને અટકાવીને ગામ લોકોની આવકમાં આ મંડળે આશરે સાત ગણો વધારો કર્યો છે. મંડળની કામગીરી પહેલાં ત્યાંના ખેડૂતો માત્ર એક જ પાક માંડ લઈ શકતા હતા અને તેના કારણે ખેડૂત પરિવારોમાં સ્થળાંતર વધ્યું હતું. ૨૦૦૦માં વોટરશેડ યોજનાના ભાગરૂપે લાસા ગામમાં આ મંડળની રચના થઈ અને જળ-જમીન સંસાધનોની જાળવણી અને વૃક્ષ-ઘાસચારા ઉછેરની વિવિધ કામગીરીઓ શરૂ થઈ. આ સમગ્ર કામગીરી સ્થાનિક લોકોના આયોજન, અમલ અને સંચાલનનું પરિણામ છે. આ મંડળ દ્વારા ગામમાં ૧૮ જેટલાં સ્વ-સહાય જૂથો રચવામાં આવ્યાં છે. તેમની બચત રૂ. ૧૫ લાખ થઈ છે. આ મંડળો દ્વારા જમીન વિહોણા કુટુંબો પોતાના સ્વરોજગાર માટે ધિરાણ ભેળવી શક્યા છે. મંડળોની કામગીરી દ્વારા આ ગામની મહિલાઓમાં આત્મવિશ્વાસ અને સંગઠનશક્તિ વિકસ્યા છે.

(આ) સંગઠન શક્તિ અને સામૂહિક વિકાસના મંત્રથી વિકાસ સાધનારી

उन्नति

# વિચાર

## આપનો અભિપ્રાય

*'**વિચાર**'ને ૧૨ વર્ષ પૂરાં થયાં છે. અમે આ સામયિક વિશે આપનો અભિપ્રાય જાણવા માટે આતુર છીએ. આપના અભિપ્રાયને આધારે અમે '**વિચાર**'માં સુધારાવધારા કરવા માટે તત્પર છીએ. તેથી આપશ્રી થોડોક સમય કાઢીને અહીં આપેલી પ્રશ્નાવલિ ભરીને સત્વરે અમને પરત કરશો તો અમે આપનો આભાર માનીશું. આ સાથે ટપાલ ટિકિટ ચોંટાડેલું એક કવર મોકલવામાં આવેલું છે. આપશ્રી આ પ્રશ્નાવલિ ભરીને તેમાં મોકલી આપશો.*

(૧) **આપ 'વિચાર'ના કેટલા સમયથી નિયમિત વાચક છો?**

**ક.** આરંભથી જ ☐ **ખ.** ૧૦ વર્ષથી ☐
**ગ.** ૫ વર્ષથી ☐ **ઘ.** અન્ય ____________

(૨) **'વિચાર'માં વિકાસલક્ષી મુદ્દાઓ વિશે આવતા લેખો આપને કેવા લાગ્યા છે?**

**ક.** રસપ્રદ ☐ **ખ.** માહિતીપ્રદ ☐
**ગ.** તાલીમ માટે ઉપયોગી ☐ **ઘ.** ચિંતન પ્રેરક ☐

(૩) **વિકાસલક્ષી મુદ્દાઓ વિશેના લેખોમાં સાંપ્રત વિષયોને આવરી લેવાય છે ખરા?**

**ક.** હા ☐ **ખ.** ના ☐
**ગ.** ક્યારેક ☐

(૪) **'આપના માટે' વિભાગમાં આવતા લેખો આપને કેવી રીતે ઉપયોગી થાય છે?**

**ક.** નીતિ વિષયક જાણકારી ☐ **ખ.** આંકડાકીય માહિતી ☐
**ગ.** હિમાયત માટે ☐ **ઘ.** નવી જાણકારી ☐

(૫) **‘આપણી વાત’માં આવતા લેખો શું બિન-સરકારી સંગઠનોનાં કાર્યોને યોગ્ય રીતે રજૂ કરે છે?**

**ક.** હા ☐ **ખ.** ના ☐
**ગ.** ક્યારેક ☐

(૬) **‘મંતવ્ય’ વિભાગમાં વિવિધ મંતવ્યો રજૂ કરાય છે. તે આપને કેવાં લાગ્યાં?**

**ક.** પૂર્વગ્રહથી પ્રેરિત ☐ **ખ.** સંતુલિત ☐
**ગ.** પ્રેરક ☐ **ઘ.** અનિચ્છનીય ☐

(૭) **‘સાંપ્રત પ્રવાહ’માં વિવિધ પ્રવૃત્તિઓ વિશેની વિગતો આપને કેવી લાગી છે?**

**ક.** અપૂરતી ☐ **ખ.** પૂરતી ☐
**ગ.** વૈવિધ્યપૂર્ણ ☐ **ઘ.** કંટાળાજનક ☐

(૮) **‘સંદર્ભ સાહિત્ય’ વિભાગમાં આપવામાં આવતી વિવિધ સાહિત્ય અંગેની માહિતી આપને ઉપયોગી થાય છે?**

**ક.** હા ☐ **ખ.** ના ☐
**ગ.** ક્યારેક ☐

(૯) **કયા વિષયો વિશે ‘વિચાર’માં અપૂરતી ચર્ચા થઈ હોવાનું અથવા ચર્ચા ન થઈ હોવાનું આપને લાગે છે?**

**૧.** ______________________ **૨.** ______________________
**૩.** ______________________ **૪.** ______________________

(૧૦) **‘વિચાર’ વિશે આપનો એકંદર અભિપ્રાય જણાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

પાટિયા કૂવા વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લિ.ને ૨૦૦૭નું દ્વિતીય ગ્રામ સંગઠન પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. સંગઠનને રૂ. ૧૦,૦૦૦ રોકડા અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ ગ્રામ સંગઠન સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પાટિયાકૂવા ગામમાં ૧૯૯૨માં રચાયું હતું. સહભાગી વન વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ ગ્રામજનોની સહકારી મંડળી દ્વારા જંગલ વિસ્તારની માવજત, બચાવ અને વૃક્ષ ઉછેરની કામગીરી શરૂ થઈ. ગામ લોકોની જહેમત દ્વારા આ બોડાં થયેલાં જંગલો હરાંભરાં બન્યાં છે. તેને પરિણામે આ જંગલ વિસ્તારમાંથી વાર્ષિક સરેરાશ રૂ. ૨થી ૨.૫ લાખની કિંમતનું ઘાસ મળે છે. તે ઉપરાંત સાગ, ખાખરો, ટીમરુ અને કડાનો વિકાસ થયો છે. સામૂહિક પ્રયત્નો દ્વારા આ ગામના લોકોમાં વિકાસ પ્રત્યે નવી ચેતના જાગી છે.

## ઘરેલૂ હિંસા વિરોધી ધારાની પ્રથમ વર્ષગાંઠ

ઘરેલૂ હિંસા સામે મહિલા રક્ષણ ધારો-૨૦૦૫ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે 'લોયર્સ કલેક્ટિવ' દ્વારા 'સ્ટેયિંગ અલાઈવ' વિષયે એક રાષ્ટ્રીય પરિષદનું આયોજન ૨૬-૨૭ ઓક્ટોબર ૨૦૦૭ દરમ્યાન મહિલા અને બાળવિકાસ મંત્રાલય, રાષ્ટ્રીય મહિલા પંચ, સંયુક્ત રાષ્ટ્ર મહિલા વિકાસ નિધિ અને પોલિસ સંશોધન અને વિકાસ બ્યૂરોના સહયોગથી કરવામાં આવ્યું હતું. તેનું ઉદ્‌ઘાટન હેગ ખાતેની આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતની અપીલ્સ ચેમ્બર્સના વર્તમાન ન્યાયાધીશ શ્રી નવાનેથમ પિલ્લઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં રાજ્યોના મહિલા અને બાળ વિકાસ વિભાગના પ્રતિનિધિઓ, સુરક્ષા અધિકારીઓ, વકીલો, પોલિસ અધિકારીઓ, કાનૂની સહાય બોર્ડના સભ્યો અને દેશભરનાં મહિલા જૂથોના સભ્યો હાજર રહ્યા હતા.

સંસ્થા દ્વારા આ કાયદાના અમલ અંગે જે પ્રથમ દેખરેખ અને મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો અને તેનું વિમોચન આ પરિષદમાં કરવામાં આવ્યું હતું. તેના વિશે પરિષદમાં ચર્ચા કરવામાં આવી. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની કચેરી, મહિલા અને બાળ વિકાસની કચેરી અને દેશભરમાં ઘરેલૂ હિંસા વિશે કામ કરતાં સંગઠનો અને વ્યક્તિઓ પાસેથી મેળવાયેલી માહિતીને આધારે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. ઘરેલૂ હિંસા રોકવા માટે કરવામાં આવેલા આ કાયદાથી મહિલાઓને શું સુરક્ષા પ્રાપ્ત થઈ છે તેનું મૂલ્યાંકન કરવા માટે અને ધારાના અમલ અંગે જે શ્રેષ્ઠ રીતો અપનાવવામાં આવી છે તે ઓળખી કાઢવા માટે તથા ઊભી થયેલી સમસ્યાઓ પહેચાનવા માટે અને તે સમસ્યાઓના ઉકેલો સૂચવવા માટે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. આ અહેવાલનાં મુખ્ય તારણો નીચે મુજબ છે:

(૧) રાજસ્થાન, હરિયાણા, મેઘાલય, નાગાલેન્ડ અને પંજાબ સિવાય તમામ રાજ્યોમાં સુરક્ષા અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. આંધ્ર પ્રદેશ અને દિલ્લી સિવાયનાં રાજ્યોમાં પૂર્ણ સમયના સુરક્ષા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી નથી. સુરક્ષા અધિકારીઓને પૂરતી તાલીમ અપાઈ નથી અને તેમને પૂરતી માળખાગત સવલતો પણ પ્રાપ્ત થઈ નથી.

(૨) આંધ્ર પ્રદેશ, ઓરિસ્સા, તામિલનાડુ, ત્રિપુરા અને ઉત્તર પ્રદેશ એમ માત્ર પાંચ રાજ્યોમાં જ નોંધાયેલા સેવા પુરવઠાકારો છે અને માત્ર ૧૨ રાજ્યોમાં જ તબીબી સવલતો અને આશ્રય સ્થાનો ઊભાં કરવામાં આવ્યાં છે.

(૩) વિવિધ સરકારી વિભાગો વચ્ચે અને ખાસ કરીને મહિલા અને બાળ વિકાસ વિભાગ, સામાજિક કલ્યાણ વિભાગ, ગૃહ વિભાગ, કાયદા વિભાગ અને સંસદીય બાબતોના વિભાગ વચ્ચે સંકલન સાધવાની જરૂર છે કે જેથી સમગ્ર દેશમાં એકસમાન પ્રતિભાવ ઊભો થઈ શકે અને ઘરેલૂ હિંસાનો ભોગ બનતી સ્ત્રીઓને તે વિભાગો રાહત પૂરી પાડી શકે.

(૪) તા.૩૧.૭.૨૦૦૭ સુધીમાં આ કાયદા હેઠળ ૭૯૧૩ અરજીઓ નોંધાઈ છે. સૌથી વધુ રાજસ્થાનમાં ૩૪૪૦, કેરળમાં ૧૦૨૮, આંધ્ર પ્રદેશમાં ૭૩૧ અને દિલ્લીમાં ૬૦૭ કેસ નોંધાયા છે. અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડમાં એક પણ કેસ નોંધાયો નથી.

(૫) આ કાયદાનો ઉપયોગ કરનારાઓમાં મુખ્યત્વે પરણિત સ્ત્રીઓ છે. જો કે, આ કાયદા હેઠળ વિધવાઓ અને દીકરીઓને પણ રાહત આપવામાં આવી છે.

(૬) કાયદા હેઠળ જો કોઈ સૌથી વધુ રાહત આપવામાં આવતી હોય તો તે ભરણપોષણ અંગેની છે. એ ઉપરાંત નિવાસ અને સુરક્ષા અંગેના હુકમો આપવામાં આવતા હોય છે.

## ભારતીય સમાજમાં વિકલાંગોની બાદબાકી: વિશ્વ બેંકનો અહેવાલ

તાજેતરમાં વિશ્વ બેંકે 'પીપલ વિથ ડિઝેબિલિટીઝ ઇન ઈન્ડિયા: ફ્રોમ કમિટમેન્ટ્સ ટુ આઉટકમ્સ' અહેવાલમાં એમ જણાવ્યું છે કે ભારતીય સમાજમાં વિકલાંગ લોકો સૌથી વધારે બાદબાકીનો અનુભવ કરે છે. તેમનામાં સાક્ષરતા અને રોજગારીનો દર નીચો છે અને તેઓ સામાજિક રીતે તિરસ્કારનો ભોગ બને છે. જો તેમને વધુ શિક્ષણ અને રોજગારી મળે તો તેઓ દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે કારણ કે તેમની સંખ્યા દેશમાં ૪થી ૯ કરોડ જેટલી છે. આ અહેવાલમાં નીચે મુજબનાં મુખ્ય તારણો આપવામાં આવ્યાં છે:

(૧) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં બાળકોના પણ ચોથાથી પાંચમાં ભાગનાં જ વિકલાંગ બાળકો શાળાએ

જાય છે.

(૨) સામાન્ય લોકો કરતા પુખ્ત વયના વિકલાંગ લોકોને ઓછી રોજગારી પ્રાપ્ત થાય છે. ૧૯૯૧માં તેમનું ટકાવારી પ્રમાણ ૪૩ હતું જે ૨૦૦૨માં ઘટીને ૩૮ ટકા થયું છે.

(૩) ખાનગી ક્ષેત્રમાં વિકલાંગોને રોજગારી મળે તે માટે બહુ જ થોડાં પ્રોત્સાહનો આપવામાં આવે છે અને તે પણ છૂટક છૂટક હોય છે. ૧૯૯૦ના દાયકાના ઉત્તરાર્ધમાં વિકલાંગ લોકોને મોટી ખાનગી પેઢીઓમાં માત્ર ૦.૩ ટકા રોજગારી જ પ્રાપ્ત થઈ હતી. બહુરાષ્ટ્રીય કંપનીઓમાં તો પરિસ્થિતિ ઓર ખરાબ છે. તેમાં તો માત્ર ૦.૦૫ ટકાને જ રોજગારી પ્રાપ્ત થઈ હતી.

(૪) સામાજિક-આર્થિક પરિસ્થિતિ, સામાજિક કલંક અને સેવાઓની પ્રાપ્તિના સંદર્ભમાં ઘણા મોટા તફાવતો નજરે પડે છે. ખાસ કરીને માનસિક માંદગી ધરાવતા લોકો અને મંદ બુદ્ધિના લોકોને વધારે તફાવતો સહન કરવા પડે છે. ગ્રામ વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં આ તફાવતો દેખાય છે. એ જ રીતે પુરુષ વિકલાંગો અને સ્ત્રી વિકલાંગોમાં પણ તફાવતો જણાય છે.

(૫) ભારતની કુલ વસ્તીમાં ૪થી ૮ ટકા વસ્તી એટલે કે આશરે ૪થી ૯ કરોડ લોકો વિકલાંગો છે એમ વધુ ને વધુ પુરાવા મળી રહ્યા છે.

(૬) ૧૯૯૦ અને ૨૦૦૨ વચ્ચે ચેપી રોગોને પરિણામે વિકલાંગતા વધી છે તથા ઈજાઓ અને અકસ્માતોને લીધે વિકલાંગતા ઊભી થવાની શક્યતાઓ વધી ગઈ છે. એવું જણાય છે કે ચેપી ન હોય તેવા રોગોને પરિણામે પણ આવતી વિકલાંગતામાં ૪૦ ટકા જેટલો વધારો થવાની શક્યતા ૨૦૨૦ સુધીમાં દેખાય છે.

(૭) વિકલાંગ લોકોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. સરેરાશ ૩૫ ટકા વસ્તી નિરક્ષર છે જ્યારે વિકલાંગોમાં નિરક્ષરોનું પ્રમાણ ૫૨ ટકા જેટલું છે.

(૮) વિકલાંગ બાળકોમાં નિરક્ષરતાનું પ્રમાણ પણ ઘણું ઊંચું છે. સૌથી વધુ કેરળમાં ૨૭ ટકા અને તામિળનાડુમાં ૩૩ ટકા વિકલાંગ બાળકો શાળા અધવચ્ચે છોડી જાય છે.

(૯) ૨૦૦૬ના આરંભમાં રાષ્ટ્રીય વિકલાંગતા નીતિ ભારત સરકારે ઘડી હતી. છત્તીસગઢ અને કર્ણાટકમાં જ આવી નીતિઓના મુસદ્દા તૈયાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને, છત્તીસગઢની નીતિનો મુસદ્દો રાજ્ય સ્તરે અને કેન્દ્ર સ્તરે નીતિવિષયક વિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડે તેવો છે.

## વિકલાંગતા અને સામાજિક ભેદભાવ વિશે કાર્યશાળા

'ઉન્નતિ'ના કાર્યકરો માટે પાલનપુર ખાતે સ્ત્રી-પુરુષ ભેદભાવ અને વિકલાંગતા વિશે એક કાર્યશાળાનું આયોજન તા. ૧૪થી ૧૬ માર્ચ ૨૦૦૮ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનો હેતુ ૧૯ સહભાગીઓને સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ એટલે શું તથા તેમની પોતાની માન્યતાઓ અને ખ્યાલો તથા પ્રતિભાવો સામાન્ય બાબતોમાં કેવાં પ્રકારનાં હોય છે તે તપાસવામાં સંદર્ભમાં અભિમુખ કરવામાં આવ્યા. જે અવકાશ પ્રાપ્ત થયો તેને લીધે જુદા જુદા દૃષ્ટિકોણો વિશે વિચારતા થયા, આપ-લે કરતા થયા અને શીખતા થયા. કોઈક સંગઠનમાં કેવી રીતે આ બાબતોનું સંચાલન કરવું જોઈએ તે પણ તેઓ શીખ્યા.

મહિલાઓની ચળવળના ઈતિહાસ વિશે એક બેઠક યોજવામાં આવી હતી. જુદા જુદા સમય ગાળાએ મહિલાઓ સંબંધિત ઊભા થયેલા પ્રશ્નોના ઉકેલ લાવવા માટે સ્ત્રીઓ અને પુરુષો કેવી રીતે ભેગા મળીને આંદોલન ચલાવે છે તેને વિશે એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય તેને લીધે ઊભો થયો. ઈતિહાસમાં આવી અનેક મહિલાઓનો ઈતિહાસ પ્રકાશમાં આવ્યો નથી. પરંતુ તેમણે મહિલા ચળવળમાં પોતાનું અમૂલ્ય પ્રદાન આપ્યું છે.

વિકલાંગતા એટલે શું, વિકલાંગ લોકોની સામાન્ય અને વિશિષ્ટ જરૂરિયાતો, વિકલાંગતાને શા માટે વિકાસનો પ્રશ્ન ગણવો જોઈએ, વિકલાંગો માટે અને સમગ્ર સમાજ માટે વિકલાંગતાના સામાજિક સૂચિતાર્થો કેવા છે, સંગઠનના લોકો ગમે તે ભૂમિકા ભજવતા હોય પણ વિકલાંગતાના મુદ્દાને કેવી રીતે તેમાં આમેજ કરી શકાય વગેરે બાબતો ઉપર આ કાર્યશાળામાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અમુક નિશ્ચિત પરિસ્થિતિમાં પોતાનો પ્રભાવ કેવો હોય અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ઉપર તેની શું અસર પડે તે બાબત સહભાગીઓએ તપાસી હતી.

## ઘરેલૂ હિંસા ધારાનાં એક વર્ષનાં લેખાંજોખાં

કૌટુંબિક હિંસા અધિનિયમ, ૨૦૦૫ના અમલીકરણનું એક વર્ષ પૂરું થયું તે નિમિત્તે મહત્ત્વનો પરિસંવાદ તા. ૬.૧.૨૦૦૮ના રોજ સમાજકાર્ય વિભાગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને સહિયર (સ્ત્રી સંગઠન)ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

'હિંસામુક્ત કુટુંબ એ હિંસા મુક્ત સમાજનો પાયો છે' વિષય અંગે યોજાયેલા આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન ગુજરાતની વડી અદાલતના ભૂતપૂર્વ કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી આર. એ. મહેતાએ કર્યું હતું અને વડોદરાના મુખ્ય જિલ્લા અને સેશન્સ ન્યાયમૂર્તિ શ્રી કે. કે. ભટ્ટ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના ડીન પ્રો. અરુણા ખાસગીવાલાએ

કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધી હતી અને તેનો હેતુ જણાવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન સુશ્રી તૃપ્તિ શાહે કર્યું હતું.

ન્યાયમૂર્તિ શ્રી આર. એ. મહેતાએ પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે ન્યાયતંત્ર તટસ્થ હોવું જોઈએ. આવી દલીલ કરનારાઓ એમ પણ કહે છે કે સ્ત્રીઓના અધિકારો અંગે તેણે કશું વિશેષ કરવાની જરૂર નથી. પરંતુ આપણા સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે થતા અન્યાયને દૂર કરવાની આવશ્યકતા છે અને તે માટે ન્યાયતંત્રે સક્રિય થવું જ જોઈએ. તેમણે કહ્યું કે આ કાયદો ખૂબ જ પ્રગતિશીલ કાયદો છે અને તેના અસરકારક અમલ માટે સમાજમાં જાગૃતિ અને સંવેદનશીલતા ઊભાં થવાં જોઈએ. ન્યાયતંત્રમાં પણ આ અંગેની સંવેદનશીલતા ઊભી થાય તે આવશ્યક બાબત છે.

મુખ્ય જિલ્લા અને સેશન્સ ન્યાયમૂર્તિ શ્રી કે. કે. ભટ્ટે કહ્યું કે ઘણી વાર અનેક પ્રકારનાં બહાના બતાવીને એમ કહેવામાં આવે છે કે આ કાયદો કરવાની જરૂર જ નથી અથવા તો આવો કાયદો અન્યાય દૂર કરવાને બદલે વધારે અન્યાય ફેલાવે છે. ખરેખર તો તેને માટે જે એક ઉદાહરણ આપવામાં આવે છે તે એવું પણ છે કે સ્ત્રીઓ પરના અત્યાચારના ગુનામાં સમગ્ર પરિવારના સભ્યોનાં નામો દાખલ કરી દેવામાં આવતાં હોય છે. પરંતુ ખૂન વિરોધી કાયદો હોવા છતાં ખૂનના ગુનામાં ખોટાં નામો દાખલ થતાં હોવા છતાં એ કાયદો ન હોવો જોઈએ એવું કોઈ કહેતું નથી. તેમણે કહ્યું કે શા માટે આ કાયદાના સંદર્ભમાં જ આવી વાત કરવામાં આવે છે. તેમણે એમ કહ્યું કે કાનૂની સાક્ષરતા દરેક કાયદાના અમલમાં આવશ્યક બાબત છે.

વકીલ સુશ્રી નુપૂર સિંહાએ કહ્યું હતું કે આ એક દીવાની કાયદો છે અને તેનો હેતુ સ્ત્રીને ઘરેલૂ હિંસામાંથી તાત્કાલિક રાહત મળે તે છે. તેનો એ હેતુ એ નથી કે આરોપીને સજા થાય. તેમણે કહ્યું કે સલાહથી માંડીને પરિવારમાં રહેતા દરેક સભ્યના અધિકારો અંગે જાગૃતિ ફેલાય તો પરિવારની અંદર જ સ્ત્રીઓને અનેક પ્રકારની રાહતો પ્રાપ્ત થઈ શકે છે.

'સ્વાતિ'નાં સુશ્રી પુનમ કથુરિયાએ કહ્યું હતું કે આ કાયદાના અમલ માટે બહુ જ ઓછાં રાજ્યોમાં તંત્ર ઊભું કરવામાં આવ્યું છે. માત્ર દિલ્લી અને આંધ્ર પ્રદેશમાં પૂર્ણ સમયના સુરક્ષા અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. બીજાં બધાં રાજ્યોમાં વર્તમાન સરકારી અધિકારીઓને જ તેનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે સેવા આપનારી સંસ્થાઓની નોંધણી પણ કરવામાં આવી નથી. ગુજરાત જેવાં રાજ્યોમાં સારો અમલ કરવામાં આવી રહ્યો હોય એવી છાપ ઊભી કરવામાં આવે છે પરંતુ સેવા પૂરી પાડનારી સંસ્થાઓની નોંધણી પણ હજુ સુધી શરૂ કરવામાં આવી નથી. હકીકતમાં, અમલ કરનારું તંત્ર અસરકારક નથી.

વડોદરાના સુરક્ષા અધિકારી શ્રી આઈ. બી. ચૌધરીએ એમ કહ્યું કે આ કાયદો ખૂબ જ મહત્ત્વનો છે અને તેમાં સુરક્ષા અધિકારીની ભૂમિકા પણ ખૂબ જ મહત્ત્વની છે. ગુજરાતમાં અત્યારે સમાજ સુરક્ષા ખાતાની અન્ય જવાબદારીઓની સાથે સાથે આ વધારાની જવાબદારી સમાજ સુરક્ષા અધિકારીઓને સોંપવામાં આવી છે ખરી પરંતુ તેમને કોઈ વધારાની સગવડો પ્રાપ્ત થતી નથી તેથી તેઓ પોતાની જવાબદારી અસરકારક રીતે અદા શકતા નથી.

વિવિધ અભ્યાસો એમ જણાવે છે કે સમાજમાં આશરે ૪૦થી ૬૦ ટકા સ્ત્રીઓ ઘરેલૂ હિંસાનો ભોગ બને છે. ઘણી વાર તે હિંસાનો ભોગ બનતી નથી પરંતુ હિંસાના ડરથી ગભરાય છે અને તે તેનાથી પિડાય છે. આ રીતે જોઈએ તો સ્વતંત્ર દેશની નાગરિક એવી મહિલા સ્વતંત્ર નાગરિક તરીકે જીવી શકતી નથી. આમ દેશની લગભગ અડધી વસ્તી પોતાના ઘરમાં જ સલામત ન હોય તો એ સમાજને પ્રગતિશીલ સમાજ કેવી રીતે કહી શકાય?

અત્યાર સુધીમાં સ્ત્રીઓની સુરક્ષા માટે પસાર કરવામાં આવેલાં કેટલાંક ફોજદારી કાયદાઓની સરખામણીએ આ દીવાની કાયદો ઘણો જ અલગ છે. તેનો મુખ્ય આશય હિંસાનો ભોગ બનેલી સ્ત્રી અને બાળકોને સુરક્ષા આપવાનો છે તથા ભવિષ્યમાં હિંસા થતી રોકવાનો છે. તેનો ઉદ્દેશ આરોપીને ઉતાવળે સજા કરવાનો નથી.

આ સમગ્ર કાર્યક્રમમાં સ્વાતિ, અવાજ, આનંદી, દસ્તક, સહરવારુ, એક્શન એઈડ અને સહિયર જેવી સંસ્થાઓએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં આ સંગઠનના પ્રતિનિધિઓએ આ ધારાના અમલ બાબતે અદાલતોના, સુરક્ષા અધિકારીઓ સાથેના અને અન્ય અમલકારી તંત્ર સાથેના હકારાત્મક તેમજ નકારાત્મક અનુભવો રજૂ કર્યા હતા. તેમણે સૌએ આ નિમિત્તે સમગ્ર સમાજમાં અને ન્યાયતંત્રમાં ઘરેલૂ હિંસા અંગે સંવેદનશીલતા વધે તે માટે ભવિષ્યમાં વિવિધ કાર્યક્રમો કરવા માટે ચર્ચા કરી હતી. તેમના સૌની એ માન્યતા હતી કે આ કાયદો થયો છે ત્યારે તેના અમલ માટેનું તંત્ર ગોઠવવાની જવાબદારી સરકારની છે. આ માંગણીને વધુ મજબૂત રીતે રજૂ કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

સંપર્કઃ 'સહિયર', જી-૩, શિવાંજલિ ફ્લેટ, નવજીવન પાસે, આજવા રોડ, વડોદરા ૩૯૦ ૦૨૦. ઈમેલઃ sahiyar@softhome.net, rt_manav@scanharnet.in


# સંદર્ભ સાહિત્ય

## વોટર એન્ડ સેનિટેશન

ઓક્સફામ (જીબી) દ્વારા ગુજરાતના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં પાણી અને સફાઈના ક્ષેત્રે જે કામ કરવામાં આવ્યું અને ખાસ કરીને કચ્છમાં રાહત અને પુનર્વસન માટે જે કાર્યો કરાયાં તેના અનુભવોનો દસ્તાવેજ આ પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ થયો છે. 'ઉન્નતિ' દ્વારા દસ્તાવેજીકરણનું આ કામ કરવામાં આવ્યું છે. આપત્તિ પછી જે પ્રતિભાવ આપવામાં આવે તેના સંદર્ભમાં તથા આપત્તિ સંબંધી જોખમ ઘટે તે માટે ક્ષમતાવર્ધન કરવું એ એક નવો જ ઉપસતો વિષય છે. આ વિષયને આ દસ્તાવેજમાં અનુભવના સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો છે.

પાણી અને સફાઈ તથા જાહેર આરોગ્ય ગુજરાતના ભૂકંપગ્રસ્ત કચ્છ જિલ્લામાં અત્યંત ઊંચી પ્રાથમિકતા પ્રાપ્ત કરે એ સ્વાભાવિક બાબત હતી. આથી આ સમગ્ર કાર્યક્રમને વોટસાન એવું નામ આપવામાં આવ્યું. આ પ્રાથમિકતા પાછળ નીચે મુજબનાં કારણો દેખાય છેઃ

(૧) ભૂંકપને કારણે પાણીના સંગ્રહ અને પુરવઠાની વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચ્યું હતું.
(૨) પાયાની સવલતોમાં વિક્ષેપ ઊભો થવાને પરિણામે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. લોકોનાં ઘરો તૂટી પડ્યાં હતાં અને તેઓ પીવાના પાણીનો સંગ્રહ કરી શકે તેવાં વાસણો પણ તેમની પાસે બચ્યાં નહોતા.
(૩) સફાઈની અને આરોગ્યની ખરાબ પરિસ્થિતિને પરિણામે પાણીજન્ય રોગો થવાની શક્યતાઓ વધી ગઈ હતી.
(૪) તે સમયે દુકાળનું સતત બીજું વર્ષ હતું તેથી પાણીની અછત પણ પ્રવર્તતી હતી.





'વોટસાન'ની જરૂર ઊભી થઈ તે આ કારણોને લીધે થઈ. રાપર, ભચાઉ અને અન્ય અસરગ્રસ્ત જિલ્લાઓનાં લગભગ ૨૦૦ અંતરિયાળ ગામો ઉપર આ કાર્યક્રમ હેઠળ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં આ કાર્યક્રમનો અનુભવ અને તેની સફળતા-નિષ્ફળતાઓની ચર્ચા કરવામાં આવી છે. તે ઉપરાંત, તેમાં પાણી, સફાઈ અને જાહેર આરોગ્યને કેવી રીતે પ્રાથમિકતા આપી શકાય, પુરવઠો અને તેની પ્રાપ્યતા કેવી રીતે વધારી શકાય, તેમાં યોગ્ય રીતે માળખું કેવી રીતે ઊભું કરી શકાય, વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલન કેવી રીતે કરી શકાય અને ટૂંકા ગાળાની પ્રવૃત્તિને આધારે લાંબા ગાળાની વ્યૂહરચના કેવી રીતે ઘડી શકાય તે બાબતો આ પુસ્તકમાં દર્શાવવામાં આવી છે.

તેમાં એમ કહેવામાં આવ્યું છે કે પાણીનો સંગ્રહ અને વિતરણ બંને બાબતો માટે સ્થાનિક વિસ્તારની અને લોકોની ક્ષમતા વધારવાની આવશ્યકતા છે. તે એમ પણ કહે છે કે ટેક્નોલોજીની પસંદગી સ્થાનિક પ્રણાલીઓને આધારે અને દેશમાં પુરવઠો કેટલા પ્રમાણમાં છે તેને આધારે કરવી જોઈએ. આ પુસ્તક એમ દર્શાવે છે કે તમામ સંસ્થાઓ અને સ્થાનિક સ્તરની સરકારો તથા સંસ્થાઓની ભૂમિકા વિશે સ્પષ્ટતા હોવી જોઈએ. ગામ સ્તરે તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા સમગ્ર કાર્યક્રમને ટેકો પૂરો પડે તે અત્યંત યોગ્ય અને ઉપયોગી બાબત છે. ગ્રામ સભા, ગ્રામ પંચાયત અને ગામની વિકાસ સમિતિ પાણી પુરવઠાના સંદર્ભમાં કેવી રીતે મહત્ત્વની ભૂમિકા ભજવે અને તેને ઓક્સફામ જેવી બહારની સંસ્થાઓ કેવી રીતે ટેકો પૂરો પાડે તે બાબત આ પુસ્તકમાં જણાવવામાં આવી છે. ઉપરાંત આ પુસ્તકમાં માહિતી, શિક્ષણ અને સંચાર અંગે કેવી વ્યુહરચના અપનાવવામાં આવી તથા જાહેર આરોગ્યમાં એ તમામનું સંકલન કેવી રીતે કરવામાં આવ્યું તેને વિશેની વિગતો આપવામાં આવી છે. આપત્તિ નિવારણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને અને અસરગ્રસ્ત તમામ વ્યક્તિઓને માટે પુસ્તક લાભદાયી છે.

પ્રાપ્તિ સ્થાનઃ 'ઉન્નતિ'

## ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન

આ અંગ્રેજી પુસ્તકમાં આપત્તિથી ઊભું થતું જોખમ ઘટાડવા માટે કઈ કઈ બાબતો મહત્ત્વની છે તે દર્શાવવામાં આવેલી છે. મુખ્યત્વે આ પુસ્તક વિવિધ સ્રોતોમાંથી માહિતીના સંકલન સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમાં નીચે મુજબનાં પ્રકરણોનો સમાવેશ થાય છેઃ




**(૧) આપત્તિઓ વિશેની સમજઃ**

આપત્તિ એટલે શું, સંકટ અને આપત્તિનું વર્ગીકરણ, આપત્તિથી ઊભી થતી અસહાયતા અને વિકાસ તથા કેવી રીતે આપત્તિઓ લોકોને અસર કરે છે તેને વિશેની માહિતી આ પ્રકરણમાં આપવામાં આવી છે.

**(૨) આપત્તિથી ઊભી થતી અસહાયતાનો સામનોઃ**

આ પ્રકરણમાં અસહાયતા એટલે શું, અસહાયતા ઊભી કરનારાં પરિબળો કયા કયા છે, અસહાયતા ઊભી કરનારાં વિવિધ કારણોનું વિશ્લેષણ અને અસહાયતા ઘટાડવા માટે શું કરવું જોઈએ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૂર, ભૂકંપ, જ્વાળામુખી ફાટવો, જમીનનું ધોવાણ, વાવાઝોડું, દુકાળ તથા ટેક્નોલોજીથી ઊભી થતી આપત્તિઓ વગેરેમાં કઈ કઈ બાબતો અસહાયતા ઊભી કરે છે તે તેમાં જણાવવામાં આવ્યું છે.

**(૩) આપત્તિના જોખમમાં ઘટાડોઃ**

આપત્તિના જોખમમાં ઘટાડો શું છે તેને વિશે પાયાની સમજ આ પ્રકરણમાં આપવામાં આવી છે. તે ઉપરાંત તેમાં કયા કયા હિતધારકો છે અને તે માટે કેવાં પગલાં ભરી શકાય તથા તેમાં નીતિવિષયક બાબતો અને આયોજન કેવા પ્રકારની ભૂમિકા ભજવે તે મુદ્દાઓની છણાવટ કરવામાં આવી છે.

**(૪) સમુદાય સાથે આપત્તિના જોખમમાં ઘટાડોઃ**

આ પ્રકરણ સમુદાય એટલે શું તે સમજાવે છે. સમુદાયની તે વ્યાખ્યા તો આપે જ છે પણ સાથે સાથે આપત્તિના જોખમમાં ઘટાડા માટે સમુદાયોને શા માટે તૈયાર કરવાની જરૂર છે તે પણ તેમાં સમજાવવામાં આવ્યું છે. ખાસ કરીને, સહભાગિતાની વ્યાખ્યા આપીને તથા સામાજિક મૂડી શું છે તેનો ખ્યાલ સમજાવીને સમુદાયની સહભાગિતાના હેતુઓ કયા હોઈ શકે તે સમજાવવાનો તેમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. સમુદાયની સહભાગિતા વિશેના પ્રત્યક્ષ અને પરોક્ષ અભિગમો વિશે પણ તેમાં ચર્ચા કરવામાં આવી છે અને તેનું માધ્યમ શું હોઈ શકે તે પણ તેમાં જણાવવામાં આવ્યું છે. સમુદાય-આધારિત આપત્તિ સંચાલન કાર્યક્રમ કેવી રીતે ઘડી શકાય અને તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય તથા તેની વ્યૂહરચના કેવી હોવી જોઈએ તે પણ આ પ્રકરણમાં દર્શાવવામાં આવ્યું છે.

**(૫) નિશ્ચિત સંકટ માટેની સૂચનાઓઃ**

આ પ્રકરણ એમ જણાવે છે કે આપત્તિના જોખમમાં ઘટાડાની શરૂઆત આપણા ઘર, શાળાઓ, કામનું સ્થળ, પૂજા સ્થાન વગેરેથી થાય છે અને સ્થાનિક સમુદાયોમાં તે ફેલાય છે. તેથી જ આવતી કાલે જે જોખમો ઊભાં થવાનાં છે તેમની સામેની આપણી અસહાયતા ઘટાડવા માટે આજે આપણે કેવાં પગલાં લઈએ છીએ તેના ઉપર આપણી જિંદગી આપત્તિ દરમ્યાન બચે છે કે નહિ તેનો આધાર રહે છે. આ પગલાંનો આધાર સ્થાનિક જ્ઞાનમાં પડેલો છે અને દરેક વ્યક્તિને, દરેક શાળાને, દરેક બાળકને, દરેક માને અને નગરપાલિકાને દરેક પ્રમુખને એની ખબર હોવી જોઈએ કે આપત્તિના સંજોગોમાં કેવી રીતે પોતાનું રક્ષણ કરી શકાય. તાકીદતાની પરિસ્થિતિમાં કઈ કઈ બાબતો ઉપર ધ્યાન આપવું જોઈએ તે પણ આ પ્રકરણમાં ભૂકંપ, વાવાઝોડું, આગ, પૂર વગેરેના સંદર્ભમાં દર્શાવવામાં આવ્યું છે.

**(૬) નીતિવિષયક બાબતો અને સ્થાનિક કાર્યઃ**

આ પ્રકરણમાં જાપાનમાં કોબે ખાતે આપત્તિ ઘટાડાના સંદર્ભમાં યોજાયેલી વૈશ્વિક પરિષદમાં આપત્તિ ઘટાડા સંચાલન અંગે જે વ્યૂહરચના સ્વીકારવામાં આવી હતી તેને વિશેની બાબત વિગતે દર્શાવવામાં આવી છે. ૨૦૦૫-૧૫ના ગાળા માટે આ પરિષદમાં જે હ્યોગો કાર્ય માળખું જાહેર કરવામાં આવ્યું તેમાં કઈ બાબતોને પ્રાથમિકતા આપવામાં આવી અને તેમાં જે વ્યૂહાત્મક લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા તે પણ દર્શાવવામાં આવ્યાં છે. ભારતમાં આપત્તિ જોખમ ઘટાડા અંગે કઈ કઈ કાનૂની જોગવાઈઓ છે અને એ જોગવાઈઓના સંદર્ભમાં કેવી નીતિઓ ઘડવામાં આવેલી છે. તેને વિશેની વિગતો પણ આ પ્રકરણમાં આપવામાં આવેલી છે. પુસ્તકમાં અંતે આપત્તિ સંચાલન વિષય સાથે સંબંધિત એવા વિવિધ પારિભાષિક શબ્દોની સરળ ભાષામાં સમજૂતી આપવામાં આવી છે.

પ્રાપ્તિ સ્થાનઃ 'ઉન્નતિ'

## જનવકાલત ઔર સામાજિક બદલાવ

રાષ્ટ્રીય જનવકાલત અધ્યયન કેન્દ્ર (એનસીએએસ)એ અધિકાર આધારિત અને લોકકેન્દ્રી હિમાયત મજબૂત કરવાના ઉદ્દેશ સાથે કામ કરતી એક સંસાધન અને સહયોગ સંસ્થા છે. આ સંસ્થા શાસનને ઉત્તરદાયી, પારદર્શી અને લોકભાગીદારી સાથે લોકતાંત્રિક બનાવવા માટે તથા માનવ અધિકારોને આગળ ધપાવવા માટે કામ કરે છે. તેણે આ હિંદી પુસ્તિકામાં ચાર લેખોનું સંકલન કર્યું છેઃ

**(૧) જનવકાલત - સામાજિક બદલાવકે લિયે એક નજરિયાઃ**
વિજેન્દ્ર દ્વારા લખવામાં આવેલા આ લેખમાં સામાજિક પરિવર્તન માટે હિમાયત (જનવકાલત અથવા એડવોકસી) કેવી રીતે કામ કરે છે તે દર્શાવવામાં આવ્યું છે. શા માટે હિમાયત સત્તા કે શાસનની સામે છે અને તે ગરીબો તથા વંચિતોને માટે નીતિઓ ઘડાય તેની કેવી રીતે વ્યૂહરચના ઘડે છે તે બાબત તેમાં સમજાવવામાં આવી છે. વિવિધ હિંદી કવિતાઓની પંક્તિઓ ટાંકીને સચોટ રીતે એમ જણાવવામાં આવ્યું છે કે હિમાયત સત્તાની ગલીઓમાં વંચિતોના અવાજને મજબૂત રીતે રજૂ કરવા માટેનું સાધન છે. વૈશ્વિકીકરણના યુગમાં ગરીબોનાં આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે કેવી રીતે હિમાયતનો ઉપયોગ કરી શકાય અને વિવિધ વ્યૂહરચનાઓનો સમાવેશ તેની સમગ્ર પ્રક્રિયામાં કેવી રીતે કરી શકાય તે આ લેખમાં સમજાવવામાં આવ્યું છે.

**(૨) જનવકાલત - સામાજિક પરિવર્તનકા ઔજારઃ**
ડો. નિર્મલ પંડિત દ્વારા લખાયેલા આ લેખમાં સામાજિક પરિવર્તન માટે એક સાધન તરીકે કેવી રીતે હિમાયતનો ઉપયોગ કરવો જોઈએ તે દર્શાવવામાં આવ્યું છે. તેમાં પ્રશ્નોની ઓળખ અને તેની યોગ્ય રજૂઆત, માહિતી પ્રાપ્ત કરવી, જનતાને જાગૃત કરવી, નેટવર્કિંગ કરવું, વિવિધ સંબંધિત લોકો સાથે સંબંધ પ્રસ્થાપિત કરવો, જોડાણ ઊભું કરવું અને નિભાવવું, અભિયાનની યોજના, માધ્યમોને સાંકળવાં, વિધાન ઉપર દબાણ લાવવું, લોકશાહી માળખાં સાથે કામ કરવું અને તેમાં વિશ્વાસ રાખવો વગેરે બાબતો અંગે વિગતે રજૂઆત કરવામાં આવી છે. વર્તમાન સંજોગોમાં હિમાયતની ઉપયોગિતા શું છે તે પણ આ લેખમાં અંતમાં સમજાવવામાં આવ્યું છે. ખાસ કરીને વહીવટી તંત્ર તથા ન્યાયતંત્ર ઉપર કેવી રીતે પ્રભાવ પાડી શકાય અને તેના હકારાત્મક તથા પ્રભાવક રસ્તા કેવા હોઈ શકે તેને વિશે રજૂઆતો કરાઈ છે.

**(૩) જન વકાલતકે તત્ત્વઃ**
ડેવિડ કોહેન હિમાયત ક્ષેત્રે જાણીતા વિદ્વાન છે તેમણે આ લેખમાં હિમાયતનાં પાયાના તત્ત્વો સમજાવવાની કોશિશ કરી છે. તેમણે હિમાયતની વ્યાખ્યા આપી છે અને પાંચ બાબતોથી તેને સમજવા માટે જણાવ્યું છેઃ હિમાયતની વિશેષતાઓ, લોકચર્ચા માટે યોગ્ય સ્થાન, હિમાયતના ક્ષેત્રો, હિમાયતથી ખાનગી અને સંસ્થાગત લાભ અને લોકો સાથે સંબંધ માટે હિમાયતની શક્તિનો ઉપયોગ.

**(૪) લોકકેન્દ્રિત જનવકાલતઃ**
જોન સેમ્યુઅલ દ્વારા લખાયેલાં આ લેખમાં સામાજિક કાર્યકર્તાઓએ લોકોનો અવાજ કેવી રીતે સત્તાધીશો સુધી પહોંચાડવો તેને વિશે વાત કરી છે. તેઓ મહાત્મા ગાંધી, માર્ટિન લ્યુથર કિંગ, મિખાઈલ બુકાની વગેરે જેવા ચિંતકો અને નેતાઓની રજૂઆતોને ધ્યાનમાં લઈને હિમાયતને એક નૈતિક વિકલ્પ તરીકે રજૂ કરે છે.

તેઓ કહે છે કે હિમાયતમાં પરિવર્તનનો ઉદ્દેશ જેટલો મહત્ત્વનો છે એટલી જ મહત્ત્વની બાબત એક વ્યક્તિ પણ છે. દરેક વ્યક્તિ તેમાં સાધન નથી પરંતુ સાધ્ય છે. તેથી તેઓ એમ પણ કહે છે કે સાધન અને સાધ્ય વચ્ચેના સંબંધો ઉપર ભાર મૂકવો જોઈએ. તેથી તેમણે હિમાયતના રાજનૈતિક દૃષ્ટિકોણ અને અધિકાર આધારિત પ્રક્રિયા ઉપર વિશેષ ભાર મૂક્યો છે અને એમ કહ્યું છે કે સહભાગિતા, સંવાદ તથા વિધાનાત્મકતા ખૂબ જ અગત્યના મુદ્દાઓ છે.

હિમાયતના કાર્યક્ષેત્રો જણાવતી વખતે તેમણે કહ્યું છે કે વ્યક્તિગત મૂલ્યો સહભાગિતા અને સંવાદ ઉપર અસર કરે છે પરંતુ સાથે સાથે સામાજિક ન્યાય તથા માનવ અધિકાર માટે કાર્ય કરતાં સંગઠનો પણ પ્રભાવક બને છે. તેમનો ઉદ્દેશ સીધી રીતે રાજનીતિ ઉપર દબાણ લાવવાનો હોય છે કે જેથી સમાજમાં પ્રવર્તમાન સંબંધોમાં પરિવર્તન આવે. મૂળભૂત રીતે જોઈએ તો આ પ્રકારની હિમાયત સીધી રીતે રાજકારણ સાથે સંબંધ ધરાવે છે. જો કે, લેખક માને છે કે આ અંગે કોઈ છોછ રાખવાની આવશ્યકતા નથી. હિમાયત અંગેની નીતિ તમામ પ્રકારના પ્રયાસો, પાસાં, પ્રક્રિયા અને સંગઠનોને ધ્યાનમાં લે છે તથા નીતિઓ, કાર્યક્રમો, કાયદાઓ, નાણાકીય ફાળવણીઓ અને તંત્રને બદલવા માટે પ્રયત્ન કરે છે. જો કે, તેમનું માનવું છે કે હિમાયતથી આ બધી બાબતોમાં પરિવર્તન લાવવા માટેની વ્યૂહરચના અપનાવતાં પહેલાં આ બધી બાબતો ખરેખર શું છે તે સમજવાની કોશિષ કરવી જોઈએ. જ્યારે આ સમજ વિકસે છે ત્યારે જ યોગ્ય દિશામાં હિમાયત કરી શકાય છે અને ખરેખર જ ધાર્યું પરિણામ લાવી શકાય છે.

**પ્રકાશકઃ** નેશનલ સેન્ટર ફોર એડવોકસી સ્ટડીઝ, સરેનિટી કોમ્પલેક્સ, રામનગર કોલોની, પાષાણ, પુણે - ૪૧૧ ૦૨૧, મહારાષ્ટ્ર. ફોનઃ ૦૨૦-૨૨૯૫૨૦૦૩/૪, ઈમેલઃ ncas@vsnl.com , વેબસાઈટઃ www.ncasindia.org

## સામાજિક કાર્યકર્તા ઔર મીડિયા

આ હિંદી પુસ્તિકામાં સામાજિક કાર્યકરો માધ્યમો વિશેની સમજ કેળવે અને તેનો ઉપયોગ કરવા માટે જરૂરી માહિતી પ્રાપ્ત કરે તેવો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. પુસ્તિકાનો ઈરાદો એ છે કે સામાજિક ક્ષેત્રે કામ કરનારા કાર્યકરો માધ્યમો અંગે સંવેદનશીલ બન્યા વિના તેમનો ઉપયોગ વિકાસલક્ષી કાર્યોને પ્રોત્સાહન આપવા માટે કેવી રીતે કરી શકાય તે શીખે.

આ પુસ્તિકામાં નીચે મુજબ પ્રકરણો આપવામાં આવ્યાં છેઃ

**(૧) માધ્યમોનો પરિચય અને પરિભાષાઃ**

આ પ્રકરણમાં માધ્યમનો અર્થ શું છે અને જનમાધ્યમ કોને કહેવામાં આવે છે તેને વિશે તાત્ત્વિક ચર્ચા કરવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે માધ્યમો માહિતી આપવાનું, સમજ અને વિશ્વાસ ઊભાં કરવાનું, મનોરંજન પીરસવાનું અને સાંસ્કૃતિક પ્રત્યાયન કરવાનું કામ કરે છે. તેમાં સૌથી વધારે અગત્યની બાબત માધ્યમની સામાજિક અને આર્થિક ભૂમિકા છે એમ કહેવામાં આવ્યું છે.

**(૨) માધ્યમોનાં વિવિધ સ્વરૂપોઃ**

આ પ્રકરણમાં માધ્યમોના વિવિધ સ્વરૂપો વિશે રજૂઆત કરવામાં આવી છે. તેમાં પારંપરિક માધ્યમોમાં નાટક વગેરે વિશે સમજૂતી આપવામાં આવી છે. મુદ્રિત માધ્યમોમાં અખબારો, પત્રિકાઓ, સમાચાર પત્રો અને સામયિકો વિશે સમજૂતી આપવામાં આવી છે. વીજાણુ માધ્યમોમાં ટીવી અને રેડિયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવાં માધ્યમોમાં ઈન્ટરનેટ, બ્લોગ, વેબસાઈટ, વેબપોર્ટલ, એસએમએસ વગેરે વિશે સમજૂતી અપાઈ છે. બીજી તરફ અનૌપચારિક માધ્યમોમાં ચોપાનિયાં, ભીંતપત્રો, પડઘાઓ, નુક્કડ નાટકો, ભવાઈ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ માધ્યમો કેવી રીતે કામ કરે છે તેની વિગતો અને તેમના વિકાસ વિશેનો ઈતિહાસ આપવામાં આવ્યો છે. પ્રચલિત માધ્યમોથી દૂર જઈને કેવી રીતે માહિતીનો પ્રચાર-પ્રસાર લોકોમાં કરવામાં આવતો હોય છે તેને વિશે પણ ઉલ્લેખ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

**(૩) માધ્યમોનું સ્વરૂપ, ક્ષેત્ર અને મર્યાદાઓઃ**

આ પ્રકરણમાં દરેક માધ્યમના સ્વરૂપ વિશે અને એ માધ્યમ તેના પોતાના માળખાંમાં કેવી રીતે કામ કરે છે તેના વિશે માહિતી આપવામાં આવી છે. સાથે સાથે દરેક માધ્યમનો પ્રભાવ સમાજ ઉપર અને શાસન ઉપર કેવી રીતે પડે છે અને શા માટે પડે છે તેની પણ ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે. દરેક માધ્યમનું કાર્યક્ષેત્ર કેવા પ્રકારનું છે અને તેની સુષુપ્ત શક્તિઓ કેવી છે તથા તેની કઈ કઈ મર્યાદાઓ છે તે પણ અહીં દર્શાવવામાં આવ્યું છે. ખાસ કરીને, અખબારો, અનૌપચારિક માધ્યમો અને વીજાણુ માધ્યમો વિશેની ચર્ચા સામાજિક કાર્યકરોને અને વિકાસલક્ષી કાર્યકરોને ઉપયોગી થાય તેમ છે.

**(૪) લોકતંત્ર અને માધ્યમોઃ**

કોઈ પણ લોકતંત્રમાં માધ્યમોને ખૂબ જ વિધાયક રીતે જોવામાં આવે છે. લોકશાહીની મૂળભૂત વિભાવના એ છે કે નાગરિકોને અને તેમની સંસ્થાઓ તથા સંગઠનોને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય. માધ્યમો આ સ્વતંત્રતા ઊભી કરવામાં અને તેનું જતન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ પ્રકરણમાં આ ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી છે. સંપૂર્ણ લોકશાહી ત્યારે જ ઊભી થાય કે જ્યારે માધ્યમો પોતાની જવાબદારી સુપેરે નિભાવે. ભ્રષ્ટાચાર તથા સામાજિક અને આર્થિક અન્યાય સામે અવાજ ઊઠાવવાની જવાબદારી માધ્યમોએ અદા કરવાની છે એમ આ પુસ્તિકામાં કહેવામાં આવ્યું છે. માધ્યમો અંતે તો જનમત તૈયાર કરે છે. વિવિધ પ્રકારની માહિતી પૂરી પાડીને લોકોને રાજતંત્ર વિશે માહિતીપ્રદ પસંદગી કરવા માટે માધ્યમો પ્રેરે છે. લોકશાહીનો માયનો એ છે કે લોકો શાસનને પોતાના પ્રત્યે ઉત્તરદાયી બનાવે. માધ્યમો શાસનને પારદર્શી બનાવવાનો પ્રયત્ન કરીને લોકોને તેમના આ કાર્યમાં મદદ કરે છે એમ આ પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે.

**(૫) બિન-સરકારી સંગઠનો અને માધ્યમોઃ**

આ પ્રકરણ બિન-સરકારી સંગઠનો કેવા પ્રકારનાં છે તેને વિશેની માહિતી આપીને તેમણે કેવી રીતે માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ અને તેમને શા માટે માધ્યમોની જરૂર છે તેને વિશેની વાત સ્પષ્ટ ભાષામાં કરે છે. સમાજકારણ અને અર્થકારણ બંને વિશે માધ્યમો જ્યારે માહિતી પૂરી પાડતાં હોય ત્યારે બિન-સરકારી સંગઠનોના કાર્યકર્તાઓ આ માહિતીનો ઉપયોગ કેવી રીતે કરે છે તે અગત્યનું છે. એ જ રીતે આ સંગઠનો પોતાનાં વિકાસલક્ષી કાર્યોની રજૂઆત માધ્યમોમાં કેવી રીતે કરાવી શકે છે તે પણ એટલું જ અગત્યનું છે. સામાન્ય રીતે ક્રિકેટ, ફિલ્મો અને ગુનાખોરી તથા રાજકારણથી અખબારો અને અન્ય માધ્યમો ખીચોખીચ ભરેલાં હોય છે ત્યારે માધ્યમોને વિકાસલક્ષી બાબતો તરફ વાળવાનું ખૂબ જ અઘરું છે. આ કાર્ય કરવાનું શક્ય બનાવવા આ પુસ્તિકા ઉપયોગી થાય તેમ છે.

**લેખકઃ** તરુશિખા સુરજન. ડિસેમ્બર ૨૦૦૭. **પ્રકાશકઃ** નેશનલ સેન્ટર ફોર એડવોકસી સ્ટડીઝ, સરેનિટી કોમ્પલેક્સ, રામનગર કોલોની, પાષાણ, પુણે - ૪૧૧ ૦૨૧, મહારાષ્ટ્ર. ફોનઃ ૦૨૦-૨૨૯૫૨૦૦૩/૪, ઈમેલઃ ncas@vsnl.com , વેબસાઈટઃ www.ncasindia.org

છેલ્લા ચાર માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. નાગરિક નેતૃત્વ અને શાસન

### (ક) પંચાયતી રાજ સંસ્થાઓનું મજબૂતીકરણ

ગુજરાતમાં છઠ્ઠા અને છેલ્લા દોરની સેટકોમ તાલીમ હાથ ધરવામાં આવી. તે દ્વારા ડીઆરડીએના વિસ્તરણ અધિકારીઓ અને ગ્રામ સેવકો સહિત ૭૬ જેટલા સરકારી અધિકારીઓને અભિમુખ કરવામાં આવ્યા કે જેથી તેઓ પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને સામાજિક અન્વેષણની પ્રક્રિયા અને પ્રસ્તુતતા, બાળ અધિકારો અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવામાં પંચાયતોની ભૂમિકા વિશે તાલીમ આપી શકે. આ અધિકારીઓએ પછીથી આ બાબતો વિશે પંચાયતોમાં ચૂંટાયેલા લગભગ ૭૫૦ જેટલા પ્રતિનિધિઓને તાલીમ આપી હતી. આ સહભાગીઓ માટે બે પુસ્તિકાઓ અને એક ચિત્રવાર્તા જેવું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લાના ધોળકા અને દસક્રોઈ તાલુકાઓમાં માહિતી અધિકાર ધારા હેઠળ કેવી રીતે અરજી કરવી તે સમજાવવા માટે અને અરજીઓ કરવા માટે ૧૨ જેટલી શિબિરો યોજવામાં આવી હતી. નિયમિત દેખરેખના ભાગરૂપે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના અને પંચાયતોની ભૂમિકા વિશે છ મહિને થતો એક અભ્યાસનો ત્રીજો તબક્કો પૂરો કરવામાં આવ્યો. તેમાંથી જે માહિતી પ્રાપ્ત થઈ તેનો ઉપયોગ સ્થાનિક સ્તરે હિમાયત કરવા માટે કરવામાં આવ્યો. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ કામની માંગણી કરવા માટે સમુદાયમાં જાગૃતિ લાવવા માટે ભવાઈનો પ્રયોગ પણ કરવામાં આવ્યો.

દેશમાં પંચાયતી રાજની સ્થિતિ વિશે પંચાયતી રાજ મંત્રાલય એક અહેવાલ તૈયાર કરી રહી છે. આ જવાબદારી આણંદની ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (ઈરમા)ને સોંપવામાં આવી છે. આ પ્રક્રિયાના ભાગરૂપે બે રાજ્ય સ્તરીય કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. એક કાર્યશાળા અમદાવાદમાં ઈરમાના સહયોગથી ગુજરાત માટે યોજવામાં આવી હતી. જ્યારે બીજી કાર્યશાળા જયપુર ખાતે ઈરમા અને પ્રિયાના સહયોગથી રાજસ્થાન માટે યોજવામાં આવી હતી. સામાજિક અન્વેષણની પ્રક્રિયા અંગેના પ્રકરણના લેખનની જવાબદારી 'ઉન્નતિ' દ્વારા સંભાળવામાં આવી હતી.

### (ખ) શહેરી શાસન

ગુજરાતમાં ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડના સહયોગથી પાલિકાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ માટે એક ક્ષમતા નિર્માણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ૭ નગરપાલિકાઓના પ્રમુખો, મુખ્ય અધિકારીઓ, કારોબારી સમિતિના અધ્યક્ષો, ઉપપ્રમુખો અને ઈજનેરો સહિતના લોકો હાજર રહ્યા હતા. તેઓ ઘન કચરા સંચાલનની યોજનાઓને શહેરમાં અમલ કરે તે માટે તેમને સક્ષમ બનાવવા માટે અભિમુખ કરવામાં આવ્યા હતા. સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી સુરત શહેરના ૩૬ વોર્ડ માટે વિવિધ હિતધારકો સાથે ૧૨ જેટલી પરામર્શ સભાઓ યોજવામાં આવી હતી. તેનો હેતુ વોર્ડ સ્તરના પ્રશ્નો અને સંબંધિત બાબતો નક્કી કરવા માટે નાગરિકો સક્ષમ બને અને તેઓ વધારે સારી સેવાઓ માટે માંગ ઊભી કરે તે માટે તેમને સક્ષમ બનાવવાનો હતો. આ પરામર્શ સભાઓમાંથી જે તારણો પ્રાપ્ત થયાં છે તે તેનો ઉપયોગ નગર વિકાસ યોજનાઓ સુધારવા માટે કરવામાં આવશે. 'પ્રિયા' વતી હરિયાણા અને રાજસ્થાનના મહિલા નગર સેવકો માટે ગુજરાતનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

રાજસ્થાનમાં જોધપુર શહેરમાં ૩૨ પરિવારોને સરકારી યોજનાઓનો લાભ મળે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## (૨) સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### (ક) દલિત અધિકારો

'દલિત અધિકાર અભિયાન' દ્વારા અત્યાચારના ૧૬ કિસ્સાઓ અને જમીન ઉપરના દબાણના ૩ કિસ્સાઓમાં ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો.

દલિતો માટે ૪૯ વીઘા જેટલી ખેતીની જમીન અને ૧૨ જેટલા નિવાસી પ્લોટની જમીન છૂટી કરાવવામાં આવી હતી. માહિતી અધિકાર ધારા હેઠળ ૨૩ અરજીઓ દાખલ કરાઈ હતી. તેમાંથી ૬ કિસ્સામાં જવાબો પ્રાપ્ત થયા છે. ૩૨ પરિવારોને સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. દલિત સંસાધન કેન્દ્રો અને સહભાગી સંગઠનોના ૨૫ સહભાગીઓ માટે 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ફોર પેરાલિગલ સ્ટડીઝ' - અમદાવાદના સહયોગથી પેરાલિગલની ત્રીજા તબક્કાની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં જમીન ઉપર દબાણ અને દલિત અત્યાચારોના મુદ્દાઓ અંગે તાલીમ આપવામાં આવી હતી.

ગુજરાત અને રાજસ્થાનનાં ૧૪ સંગઠનોના ૨૩ જેટલા વરિષ્ઠ કાર્યકરો માટે પરિણામ આધારિત સંચાલન વિષય વિશે ત્રણ દિવસની કાર્યશાળા યોજવામાં આવી હતી.

### (ખ) મહિલાઓ અને વિકલાંગતા

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની પાંચ પંચાયતોના પ્રાથમિક શાળાના ૫૦ શિક્ષકો અને આચાર્યો માટે એક કાર્યશાળા સ્ત્રી-પુરુષ ભેદભાવ અંગે સંવેદનશીલતા ઊભી કરવા માટે યોજવામાં આવી હતી. તેનો ઈરાદો શાળાના સત્તાવાળાઓનું વર્તન અને વલણ બદલાય અને તેઓ કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ ઊભું કરે તે હતો.

'ઉન્નતિ' અને તેના સહભાગી સંગઠનો દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગેનો વિગતવાર અહેવાલ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે.

સ્ત્રી-પુરુષ ભેદભાવ અને વિકલાંગતાના પ્રશ્નો અંગે અભિમુખતા કેળવવા 'ઉન્નતિ'ના કાર્યકરો માટે ત્રણ દિવસની કાર્યશાળા યોજવામાં આવી હતી. સહભાગીઓએ આ મહત્ત્વના મુદ્દાઓ અંગે પોતાના ખ્યાલો, માન્યતાઓ અને પ્રતિભાવો કેવાં છે તેની સ્વતપાસ કરી હતી. જે મોકળાશ ઊભી થઈ તેને પરિણામે સહભાગીઓએ વિવિધ મુદ્દાઓ વિશે વિચારો કર્યા હતા, વિચારોની આપ-લે કરી હતી અને તેમણે વિવિધ દૃષ્ટિકોણો તપાસ્યા હતા તથા સંગઠનાત્મક સંદર્ભમાં કેવી રીતે તેમને લાગુ પાડી શકાય તેને વિશે ચર્ચા કરી હતી. મહિલાઓના આંદોલનના ઈતિહાસ વિશે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું અને છેલ્લા કેટલાક સમયગાળા દરમ્યાન સ્ત્રી-પુરુષ ભેદભાવના નિવારણ માટે મહિલાઓ અને પુરુષોએ કેવા પ્રયાસો કર્યા છે તેને વિશે ચર્ચા કરવામાં આવી હતી. મુખ્ય પ્રવાહના ઈતિહાસમાં જે મહિલાઓનો ઉલ્લેખ થયેલો દેખાતો નથી તે મહિલાઓએ મહિલા આંદોલનમાં તેમનું જે અમૂલ્ય પ્રદાન આપ્યું છે તેની બાબત પ્રકાશમાં લાવવામાં આવી હતી.

વિકલાંગતા એટલે શું તે વિશે સહભાગીઓની અભિમુખતા કેળવાય તે માટે ખાસ બેઠકો યોજવામાં આવી હતી. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સામાન્ય અને વિશેષ જરૂરિયાતો, શા માટે વિકલાંગતાને વિકાસના પ્રશ્ન તરીકે જોવાની જરૂર છે, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને સમાજ માટે વિકલાંગતાના શું સૂચિતાર્થો છે, સંગઠનમાં સહભાગીઓ જે કંઈ ભૂમિકા ભજવતા હોય તેમાં વિકલાંગતાના પ્રશ્નનો સમાવેશ કેવી રીતે થઈ શકે વગેરે મુદ્દાઓ વિશે તેમાં ચર્ચા કરવામાં આવી હતી. વિશિષ્ટ પરિસ્થિતિઓના સદંર્ભમાં સહભાગીઓએ તેમના પ્રતિભાવો વિચાર્યા હતા અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ઉપર તેની શું અસર પડી શકે તે વિશે વિચાર્યું હતું.

### (ગ) જીવનનિર્વાહ

છેલ્લા ચાર માસના ગાળા દરમ્યાન કચ્છમાં ભરતકામ કરનારી મહિલાઓના જૂથ માટે તેમની વસ્તુઓ બજારમાં વેચાય તે માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. સંગ્રહની સંચાલન વ્યવસ્થાને વધુ સુધારવામાં આવી હતી.

## (૩) આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો

છેલ્લાં પાંચ વર્ષના ગાળા દરમ્યાન રાજસ્થાનના જોધપુર અને બાડમેર જિલ્લાનાં ૧૧ ગામોમાં અસહાય વર્ગો માટે જળ સલામતીનો કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આ પ્રક્રિયાની સમીક્ષા કરવાનો અને વિશ્લેષણ કરવાનું કામ એક બાહ્ય ટુકડીના ટેકા સાથે હાથ ધરવામાં આવ્યું. તેમાંથી એ બાબત સ્પષ્ટ થઈ કે આ પ્રક્રિયાને પરિણામે પાણી મેળવવા માટે મહિલાઓ ઉપર જે બોજો રોજેરોજ પડતો હતો તે ઘટ્યો છે. આ

પ્રયાસ સ્થાનિક પર્યાવરણીય વ્યવસ્થા સાથે યોગ્ય પ્રકારે ગોઠવાયો હતો. જો કે, દરેક મોડેલમાં જે કંઈ ખામીઓ રહી ગઈ હતી તે ઓળખી કાઢવામાં આવી છે અને દરમ્યાનગીરીના બીજા તબક્કામાં તેમાં સુધારો કરવામાં આવશે.

ગુજરાતમાં કચ્છ જિલ્લામાં ભચાઉની આસપાસનાં ૭ ગામોમાં ૧૩૫ અસહાય પરિવારોને ઓળખી કાઢવામાં આવ્યાં હતાં અને તેમને ગૃહ નિર્માણ માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. તેમાંથી ૪૬ પરિવારોને ભૂકંપ સુરક્ષિત ઘરો સોંપી દેવામાં આવ્યાં છે.

જામનગર ખાતે આપત્તિ સંચાલનમાં નાગરિકોની સામેલગીરી વિષય વિશે જિલ્લા સ્તરીય કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં સરકાર, બિન-સરકારી સંગઠનો અને પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ મળીને ૬૦ જેટલા હિતધારકોએ ભાગ લીધો હતો. રાજ્યના આપત્તિસંચાલન ધારા અને ૨૦૦૫ની નીતિની સમીક્ષા કરતી એક પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે અને સહભાગીઓને તે આપવામાં આવી. આપત્તિના સામનાની તૈયારી અને પ્રતિભાવ જૂથ તથા ઓક્સફામના સહયોગમાં ગુજરાત સ્તરની એક કાર્યશાળાનું આયોજન આપત્તિના સામનાની સમુદાય આધારિત તૈયારી વિશે કરવામાં આવ્યું હતું.

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: unnati.org
ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણાપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૩ ૦૦૮, રાજસ્થાન.
ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.
મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૧૫૬૪૦૨

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.